# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની કચેરી ખાતે તા.૨૭, ૨૮/૧૧/૨૦૧૮, મંગળવાર અને બુધવારના રોજ ૧૧ : ૦૦ કલાકે બોર્ડના માન. અધ્યક્ષશ્રીના અધ્યક્ષ પદે મળેલ કારોબારી સમિતિની અઠ્યાવીસમી બેઠકની કાર્યવાહીની નોંધ.**

**બેઠકમાં નીચે જણાવેલ સભ્યશ્રી / અધિકારીશ્રીઓ ઉપસ્થિત / અનઉપસ્થિત રહયા હતા.**

| ક્રમ | સભ્યશ્રી / અધિકારીશ્રીનું નામ | હોદ્દો | તા.૨૭/૧૧/૨૦૧૮ | તા.૨૮/૧૧/૨૦૧૮ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી એ. જે. શાહ | અધ્યક્ષશ્રી,<br>ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર | ઉપસ્થિત | ઉપસ્થિત |
| ૨. | -------- | નાયબ અધ્યક્ષશ્રી,<br>ગુ.મા.અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર | અનઉપસ્થિત | અનઉપસ્થિત |
| ૩. | અધ્યક્ષશ્રી ,<br>રાજ્ય પરીક્ષા બોર્ડ,<br>સેક્ટર-૨૧, ગાંધીનગર. | સભ્યશ્રી | અનઉપસ્થિત | અનઉપસ્થિત |
| ૪. | શ્રી જયપ્રકાશ પી. પટેલ | સભ્યશ્રી | ઉપસ્થિત | ઉપસ્થિત |
| ૫. | શ્રી ભરતભાઈ એમ. ચૌધરી | સભ્યશ્રી | ઉપસ્થિત | ઉપસ્થિત |
| ૬. | શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ | સભ્યશ્રી | ઉપસ્થિત | ઉપસ્થિત |
| ૭. | શ્રી પ્રવિણસિંહ આર. સોલંકી | સભ્યશ્રી | ઉપસ્થિત | ઉપસ્થિત |
| ૮. | શ્રી રસિકભાઈ આઈ. હરણીયા | સભ્યશ્રી | ઉપસ્થિત | ઉપસ્થિત |
| ૯. | શ્રી રમણભાઈ ડી. પટેલ | સભ્યશ્રી | ઉપસ્થિત | ઉપસ્થિત |
| ૧૦. | શ્રી મૃગેન્દ્રસિંહ કે. સોલંકી | સભ્યશ્રી | ઉપસ્થિત | ઉપસ્થિત |
| ૧૧. | શ્રી પરસોત્તમભાઈ જે. સોનારા | સભ્યશ્રી | ઉપસ્થિત | અનઉપસ્થિત |
| ૧૨. | શ્રી ડી.એસ. પટેલ | સભ્ય સચિવશ્રી<br>ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર | ઉપસ્થિત | ઉપસ્થિત |

| **બાબત ક્રમાંક : ૪૪૫/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૪૫/૨૦૧૮** |
|---|---|
| તા.૧૧/૧૦/૨૦૧૮ ના રોજ મળેલ કારોબારી સમિતિની સત્યાવીસમી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત. | તા.૧૧/૧૦/૨૦૧૮ ના રોજ મળેલ કારોબારી સમિતિની સત્યાવીસમી બેઠકની કાર્યવાહી નોંધમાં બાબત ક્રમાંક: ૪૩૭/૨૦૧૮ માં નીચે મુજબનો સુધારો સૂચવવામાં આવ્યો.<br>* જુની વિગત :-<br>...........નોન ગ્રાન્ટેડ શાળાના વર્ગ વધારા મંજૂર કરવા માટે કેટલા વિદ્યાર્થીઓની સંખ્યા રાખવી તે નક્કી કરવા કારોબારી સમિતિમાં રજુ કરતા ૧૮ વિદ્યાર્થી સંખ્યા સુધી વર્ગ વધારા આપવા અને તેનાથી ઓછી સંખ્યા માટે માન.અધ્યક્ષશ્રી દ્વારા જરૂરીયાતના કિસ્સામાં નિર્ણય કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |

| | |
|---|---|
| | * સુધારાની વિગત :-<br>...........નોન ગ્રાન્ટેડ શાળાના વર્ગ વધારા મંજૂર કરવા માટે ૧૮ વિદ્યાર્થી સંખ્યા સુધી વર્ગ વધારો આપવો અને તેનાથી ઓછી સંખ્યાના કિસ્સામાં વર્ગ વધારો નામંજૂર કરવામાં આવે તો તેવા કિસ્સામાં શાળાને દંડકીય શિક્ષામાંથી મુક્તિ આપવી, આવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.<br>ઉપરોક્ત સુધારો સાથે કાર્યવાહી નોંધ મંજૂર કરવામાં આવી. |
| **બાબત ક્રમાંક : ૪૪૬/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૪૬/૨૦૧૮** |
| જનતા હાઈસ્કુલ – જલાલપોર, જિ.નવસારી ગ્રાન્ટેડ શાળાના ઉચ્ચતર માધ્યમિક સામાન્ય પ્રવાહ વિભાગની નોંધણી રદ કરવા બાબત. | જનતા હાઈસ્કુલ – જલાલપોર, જિ.નવસારી ગ્રાન્ટેડ શાળાના ઉચ્ચતર માધ્યમિક સામાન્ય પ્રવાહ વિભાગની નોંધણી રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી નાયક ભરતકુમાર મનુભાઈ – મંત્રી, હાજર રહ્યા હતા. તેમને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>➢ જનતા હાઈસ્કુલ - જલાલપોર, જિ.નવસારી ગ્રાન્ટેડ શાળાને જુન-૨૦૧૫ થી ધોરણ-૧૨નો પ્રથમ ક્રમિક વર્ગ, કમિશ્નર શાળાઓની કચેરીના તા.૨૨/૧૨/૨૦૧૪ના પત્રથી મંજુર કરેલ હતો અને તેનો ઈન્ડેક્ષ નંબર:- ૨૩.૧૫૩(G)(S) ફાળવેલ હતો..<br>➢ જિ.શિ.અ.શ્રી- નવસારીના તા.૩૦/૧૧/૨૦૧૭ના પત્ર ક્રમાંક મા-૧/શા નો ૨૬/૨૦૧૭/૨૯૯૪૨-૪૩ થી જણાવેલ છે કે નવસારી જિલ્લાની ગ્રાન્ટેડ શાળા શ્રી જનતા હાઇસ્કૂલ, જલાલપોર, જિ.નવસારી શાળા સંચાલક મંડળ દ્વારા જુન-૨૦૧૭ થી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક સામાન્ય પ્રવાહ શાળા બંધ કરવા ઠરાવ કરેલ છે.<br>➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નવસારીએ નિયતપત્રક ભરીને મોકલેલ છે.<br>➢ અત્રેની કચેરીના તા.૦૮/૦૧/૨૦૧૮ના પત્ર ક્રમાંક:- મઉમશબ/શાનિ/જમા-૧૭/૨૦૩૯૬ થી સદર શાળાની નોંધણી રદ બાબત અહેવાલ મંગાવેલ હતો.<br>➢ અત્રેની કચેરીના તા.૨૪/૦૪/૨૦૧૮ના પત્ર ક્રમાંક:- મઉમશબ/શાનિ/૧૧૨૫ થી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નવસારીને સ્મૃતિપત્ર લખેલ હતો. |

| | |
|---|---|
| | ➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નવસારીના તા.૩૦/૦૪/૨૦૧૮ના પત્ર ક્રમાંક:-મા-૧/૨૦૧૮-૧૯/૭૧૦૭-.... થી અહેવાલ મોકલેલ હતો.<br>➢ અત્રેની કચેરીના તા.૧૯/૦૬/૨૦૧૮ના પત્ર ક્રમાંક:-મઉમશબ/શાનિ/૩૩૨૯ થી પુન:આધારો મંગાવેલ હતા.<br>➢ અત્રેની કચેરીના તા.૦૨/૦૮/૨૦૧૮ના પત્ર ક્રમાંક:-મઉમશબ/શાનિ/૬૩૩૯ થી સ્મૃતિપત્ર મોકલેલ હતો.<br>➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના તા.૧૧/૦૯/૨૦૧૮ના પત્ર મા-૧/૨૦૧૮-૧૯/૨૧૨૬૨-૬૩ થી આધારો મોકલેલ છે.<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના અભિપ્રાય મુજબ સદર ગ્રાન્ટેડ શાળાનો જૂન-૨૦૧૭ થી ઉચ્ચતર માધ્યમિક શાળા સામાન્ય પ્રવાહની નોંધણી રદ કરવાનું અને ગ્રાન્ટેડ શાળાનો ઇન્ડેક્ષ નંબર:-૨૩.૧૫૩(G)(S) રદ કરવાનું કારોબારી સમિતિમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૪૭/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૪૭/૨૦૧૮** |
| શંકરભગવાન સેવા મંડળ, ગણેશપુરા, પો.ગોરજ,તા.વાઘોડીયા, જિ.વડોદરા સંચાલિત શિવભારતી ઇંગ્લીશ મીડીયમ સેકેન્ડરી સ્કુલ, મુ.સૂર્યઘોડા, પો.જોજવા,તા.બોડેલી, જિ.છોટાઉદેપુરની નોનગ્રાન્ટેડ શાળા બંધ કરવા તેમજ ધોરણ ૧૦ નો ઇન્ડેક્ષ નંબર ૮૨.૧૪૩ બંધ કરવા બાબત. | શંકરભગવાન સેવા મંડળ, ગણેશપુરા, પો.ગોરજ,તા.વાઘોડીયા, જિ.વડોદરા સંચાલિત શિવભારતી ઇંગ્લીશ મીડીયમ સેકેન્ડરી સ્કુલ, મુ.સૂર્યઘોડા, પો.જોજવા,તા.બોડેલી, જિ.છોટાઉદેપુરની નોનગ્રાન્ટેડ શાળા બંધ કરવાની તેમજ ધોરણ ૧૦ નો ઇન્ડેક્ષ નંબર ૮૨.૧૪૩ બંધ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી પરમાર રમેશભાઈ મોહનભાઈ – પમુખશ્રી, હાજર રહ્યા હતા. તેમને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>➢ શંકરભગવાન સેવા મંડળ, ગણેશપુરા, પો.ગોરજ, તા.વાઘોડીયા, જિ.વડોદરા સંચાલિત શિવભારતી ઇંગ્લીશ મીડીયમ સેકેન્ડરી સ્કુલ, મુ.સૂર્યઘોડા, પો.જોજવા, તા.બોડેલી, જિ.છોટાઉદેપુરને જુન.૨૦૧૬થી નોનગ્રાન્ટેડ શાળાની મંજુરી આપવામાં આવેલ હતી.<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રી છોટાઉદેપુર, જા.વ. ક-૧/ શાળા બંધ/૨૦૧૮/૧૪૫૮૫ના તા.૧૩/૮/૨૦૧૮ના પત્રથી રજુ કરેલ દરખાસ્ત અન્વયે જુન.૨૦૧૮માં એક પણ વિદ્યાર્થીની સંખ્યા ન થતા શાળા બંધ કરવા તેમજ ધોરણ ૧૦નો ઇન્ડેક્ષ નંબર ૮૨.૧૪૩ બંધ કરવા વિનંતી કરેલ છે.<br>રૂબરૂ ચર્ચા વિચારણાને અંતે શાળા મંડળની એક તક આપવાની રજુઆત મુજબ શાળા મંડળને રૂ.૨૦/-ના સ્ટેમ્પ પેપર પર વિદ્યાર્થીઓ અને શિક્ષકોની જવાબદારી સ્વીકારવાની શરતે લખાણ અને શાળા ચાલુ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |

| બાબત ક્રમાંક : ૪૪૮/૨૦૧૮ | ઠરાવ ક્રમાંક : ૪૪૮/૨૦૧૮ |
|---|---|
| પાર્થ કેળવણી મંડળ મુ.પો.મોઘલા, તા.નસવાડી, જિ. છોટાઉદપુર સંચાલિત સરસ્વતી વિદ્યામંદિર મુ.પો.મોઘલા, તા.નસવાડી, જિ. છોટાઉદપુરની નોનગ્રાન્ટેડ શાળા બંધ કરવા તેમજ ધોરણ ૧૦ નો ઇન્ડેક્ષ નંબર ૬૫.૪૮૬ બંધ કરવા બાબત. | પાર્થ કેળવણી મંડળ મુ.પો.મોઘલા, તા.નસવાડી, જિ. છોટાઉદપુર સંચાલિત સરસ્વતી વિદ્યામંદિર મુ.પો.મોઘલા, તા.નસવાડી, જિ. છોટાઉદપુરની નોનગ્રાન્ટેડ શાળા બંધ કરવાની તેમજ ધોરણ ૧૦ નો ઇન્ડેક્ષ નંબર ૬૫.૪૮૬ બંધ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના પ્રતિનિધિશ્રી હાજર રહ્યા ન હતા.<br>➢ પાર્થ કેળવણી મંડળ મુ.પો.મોઘલા, તા.નસવાડી, જિ. છોટાઉદપુર સંચાલિત સરસ્વતી વિદ્યામંદિર મુ.પો.મોઘલા, તા.નસવાડી, જિ. છોટાઉદપુરને જુન.૨૦૦૨માં નોનગ્રાન્ટેડ નવી શાળાની મંજુરી મળેલ હતી.<br>➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી છોટાઉદેપુર કચેરીના જા.વ.ક-૧ /શાળા બંધ/૨૦૧૮/૧૨૮૬૭ ના તા.૨૬/૭/૨૦૧૮ પત્રથી રજુ કરેલ દરખાસ્ત અન્વયે વિદ્યાર્થીની સંખ્યા ન થતા શાળા બંધ કરવા તેમજ ધોરણ ૧૦ નો ઇન્ડેક્ષ નંબર ૬૫.૪૮૬ બંધ કરવા ભલામણ કરેલ છે.<br>➢ પાર્થ કેળવણી મંડળ સંચાલિત મંડળના તમામ સભ્યો સર્વાનુમતે મંડળના પ્રમુખ/મંત્રીશ્રી ભેગા મળીને સ્કુલ બંધ કરવા અંગેનો ઠરાવ કરેલ છે.<br>આજની કારોબારી સમિતિમાં શાળા મંડળમાંથી કોઈ હાજર રહ્યા ન હોવાથી હાલ બાબત પેન્ડીંગ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક :૪૪૯/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૪૯/૨૦૧૮** |
| શ્રી સર્વોદય કેળવણી મંડળ, મહેસાણા સંચાલિત માનવ મંદિર વિદ્યાલય, મુ.તા.જિ.મહેસાણાને ગ્રાન્ટવાળી શાળાની નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરની મંજૂર વગર ચાલતી હોઈ નોંધણી રદ કરવા નિર્ણય કરવા બાબત. | શ્રી સર્વોદય કેળવણી મંડળ, મહેસાણા સંચાલિત માનવ મંદિર વિદ્યાલય, મુ.તા.જિ.મહેસાણાને ગ્રાન્ટવાળી શાળાની નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરની મંજૂર વગર ચાલતી હોઈ નોંધણી રદ કરવા નિર્ણય કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી પટેલ રામભાઈ એમ.- પમુખશ્રી, હાજર રહ્યા હતા. તેમને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>શ્રી સર્વોદય કેળવણી મંડળ, મહેસાણા સંચાલિત માનવ મંદિર વિદ્યાલય, મુ.તા.જિ.મહેસાણાની ગ્રાન્ટવાળી શાળાની નિયામકશ્રી શાળાઓની કચેરી, |

| | |
|---|---|
| | ગાંધીનગરની મંજૂર વગર ચાલતી હોઈ નોંધણી રદ કરવા નિર્ણય કરવા બાબતની જેની વિગતો નીચે મુજબ છે.<br>- જિ.શિ.અ.શ્રી મહેસાણાએ તા.૧૧/૮/૨૦૧૪ ના રોજ આ શાળામાં વિદ્યાર્થી સંખ્યા નહી રહેવાને કારણે સંદતર બંધ કરવાની થતી હોઈ સુનાવણી રાખેલ.<br>- સુનાવણી દરમ્યાન શાળાના પ્રમુખ, આચાર્ય તેમજ અન્ય સ્ટાફ હાજર રહેલા.<br>- શાળામાં પ્રમુખશ્રીને પૂછતા જણાવે છે કે અગાઉ આપેલ તા.૨૨/૬/૨૦૧૪ નો મંડળનો ઠરાવ રજુ કરેલ છે. તેમજ ધો-૧૦ માં હાલ એકપણ વિદ્યાર્થી સંખ્યા ન હોવાથી શાળા બંધ કરવા નિર્ણય લેવામાં આવે છે.<br>- શાળાના પ્રમુખશ્રીને પૂછતા જણાવે છે કે અગાઉ આપેલ તા.૨૨/૬/૨૦૧૪ નો મંડળનો ઠરાવ રજુ કરેલ છે. (અત્રે જિ.શિ.અ.શ્રીએ ઠરાવની) નકલ મોકલી આપેલ નથી.<br>- શાળામાં હાલ એક આચાર્ય, એક મદદનીશ શિક્ષક, એક કારકુન તેમજ બે સેવકો ફરજ બજાવી રહેલ છે.<br>- ઉપરોક્ત તમામ સ્ટાફને ફાજલનું રક્ષણ છે. જે હવે પછીની કાર્યવાહી નિયમોનુસાર હાથ ધરવામાં આવશે.<br>- આચાર્યશ્રી અને પટાવાળા અન્ય સ્ટાફને પૂછતા જણાવે છે કે શાળા બંધ થતા સ્વૈચ્છિક રીતે ફાજલ થતા લેખિત સંમતિ આપેલ છે.<br>- વધુમાં જણાવ્યા મુજબ શાળામાં અગાઉ ધો-૯ નો વર્ગ ઘટાડા અંગેનો કચેરી કક્ષાએ હુકમ કરી દીધેલ છે.<br>- જિ.શિ.અ.શ્રી મહેસાણાએ માધ્યમિક શિક્ષણ વિનિયમોની કલમ-૧૦ (ક) અન્વયે નીચે મુજબનો નિર્ણય કરેલ છે.<br>- જુન-૨૦૧૪ થી સદર શાળા સંચાલક મંડળે શાળા બંધ કરવા મંડળે કરેલ દરખાસ્ત ગ્રાહ્ય રાખેલ છે.<br>- જિ.શિ.અ.શ્રી મહેસાણાએ તેમના તા.૧૧/૮/૨૦૧૪ ના પત્રથી ઉક્ત ગ્રાન્ટવાળી શાળાની માન્યતા રદ/નોંધણી રદ કરવા તેમજ બંધ થયેલ શાળાનો તમામ સ્ટાફ ફાજલ જાહેર કરવા નિર્ણય કરેલ છે. |

| | |
|---|---|
| | - જિ.શિ.અ.શ્રી ઉક્ત શાળાની નોંધણી રદ કરવાની બાબતને ધ્યાને લઈ જિ.શિ.અ.શ્રી મહેસાણાના પ્રતિનિધિશ્રી તેમજ મંડળના પ્રતિનિધિશ્રીને તા.૦૨/૦૧/૨૦૧૫ ના રોજ કારોબારી સમિતિ સમક્ષ રૂબરૂ બોલાવેલ હતા. પરંતુ સંચાલક મંડળે વધુ મુદતની માંગણી કરેલ હોઈ સદર બાબત પેન્ડીંગ રાખવામાં આવેલ હતી. અગાઉની કારોબારીમાં ટ્રસ્ટને હાજર રહેવા જણાવવામાં આવેલ હતું.<br>જિ.શિ.અ.શ્રી ની ઉક્ત શાળાની નોંધણી રદ કરવા ની બાબતને લઈને મંડળ તેમજ જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રીઓને રૂબરૂ બોલાવેલ હતા.<br>- બોર્ડ ની તા.૨૭/૦૧/૧૫ ની કારોબારી સમિતિમાં મંડળના પ્રમુખ જિ.શિ.અ.શ્રી ને રૂબરૂ સાંભળી ને બોર્ડ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક ૧૩૫/૨૦૧૫ અન્વયે ગ્રાન્ટેડ માધ્યમિક (ધો.૮ થી ૧૦) શાળાની નોંધણી રદ કરવાનું ઠરાવવામાં આવતાં શાળામંડળને તેમજ લાગતી વળતી કચેરીને તા.૨૪/૦૨/૧૫ના પત્ર થી જાણ કરવામાં આવી હતી.<br>- શાળાની નોંધણી રદ ના હુકમ સામે શિક્ષણ વિભાગને સમક્ષ કરેલા, જે અન્વયે શિક્ષણ વિભાગે તેમના તા.૨૧/૦૪/૧૫ના પત્ર ક્રમાંક/અપલ/ ૨૦૧૫/૩૦/નોંધણી રદ અપીલ સેલ અન્વયે બોર્ડને રીમાન્ડ કરેલ.<br>- શિક્ષણ વિભાગના બોર્ડ રીમાન્ડના હુકમ અન્વયે જિ.શિ. અધિકારીશ્રી, મહેસાણાને તા.૦૬/૦૭/૨૦૧૫ ના સંદર્ભ પત્ર થી રીમાન્ડ ના હુકમમાં જણાવેલ ૧ થી ૧૭ મુદાઓને ધ્યાનમાં રાખી આધારપુરાવા સહિત સ્વયં સ્પષ્ટ સ્થળ તપાસ અહેવાલ દિન.૧૦માં મોકલી આપવા જણાવેલ હતું.<br>- જિ.શિ.અધિકારીશ્રી, મહેસાણાએ તેમના તા.૨૧/૦૭/૨૦૧૫ ની સંદર્ભ પત્ર થી આધાર પૂરાવાઓ સહિત નો અહેવાલ મોકલી આપેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.<br>- પ્રમુખશ્રી/ મંત્રીશ્રી, સર્વોદય કેળવણી મંડળ, મહેસાણા દ્વારા શાળામાં વિદ્યાર્થી સંખ્યા ન |

| | |
|---|---|
| | મળવાને કારણે શાળાનો ધો.૧૦નો વર્ગ ઘટાડવા તેમના તા.૦૧/૦૭/૧૪ ના પત્ર થી દરખાસ્ત કરેલ હતી. તેમજ શાળાએ કરેલ ધો.૧૦ના વર્ગ ઘટાડા ની દરખાસ્ત ના પત્રમાં છેલ્લી લીટીમાં શાળામાં સંખ્યા ન મળવાને અભાવે શાળા બંધ કરવામાં આવે છે. તેવો ઉલ્લેખ કરેલ છે.<br>- શાળા સંચાલક મંડળે કરેલ વર્ગ ઘટાડાની દરખાસ્ત અન્વયે આ કચેરીના તા.૩૦/૦૭/૨૦૧૪ના પત્ર થી તા.૦૫/૦૮/૧૪ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે કચેરી ખાતે સુનાવણી રાખવામાં આવી હતી. પરંતુ આ દિવસે સુનાવણી મોકુફ રાખેલ હતી. જે પુન: તા.૧૧/૦૮/૨૦૧૪ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રાખવામાં આવી હતી.<br>- તા.૧૧/૦૮/૧૪ના રોજ રાખેલ સુનાવણી દિવસે શાળા સંચાલક મંડળના પ્રમુખશ્રી રામભાઇ એ.પટેલ,શાળાના આચાર્ય શ્રી પ્રહલાદભાઇ આઇ.પટેલ તેમજ શાળાના અસર પામતાં કર્મચારી હાજર રહેલ હતા. અને હાજર રહેલ તમામે તમામ વ્યકિત/કર્મચારીઓને રૂબરૂ માં સાંભળવવામાં આવ્યા હતા. અને રૂબરૂ સાંભળ્યા બાદ દરેક ની સહિઓ મેળવેલ હતી. સુનાવણીના દિવસે સંચાલક મંડળ ના પ્રમુખશ્રી રામભાઇ એ.પટેલને રૂબરૂમાં સાંભળવામાં આવ્યા હતા. અને તેઓશ્રી જણાવે છે કે,અગાઉ આપેલ તા.૨૨/૦૬/૧૫નો મંડળનો ઠરાવ રજુ કરેલ છે. અને શાળા બંધ કરવાનું અમારી હાજરીમાં નિર્ણય લેવામાં આવેલ છે. અને આ દિવસે હાજર રહેલ મંડળના પ્રમુખશ્રી, શાળાના આચાર્ય તેમજ અસર પામતાં શિક્ષકો/ કર્મચારીઓની સહીઓ રૂબરૂ માં મેળવેલ છે.<br>- તા.૧૧/૦૮/૧૪ના રોજ રાખેલ સુનાવણીના અંતે સંચાલક મંડળ તેમજ આચાર્ય અને સ્ટાફની હાજરીમાં મંડળની દરખાસ્ત અને સુનાવણી સમયે મંડળનાપ્રમુખશ્રી અને સ્ટાફ દ્વારા શાળા બંધ કરવાની રજુઆત ધ્યાને લઇ અગાઉ જૂન-૨૦૧૩થી શાળાનો ધો.૯નો વર્ગ બંધ કરેલ હતો અને જુન.૧૪થી શાળાનો ધો-૧૦નો વર્ગ બંધ કરી એટલે માનવ મંદિર વિદ્યાલય,મહેસાણાની શાળા |

બંધ કરવા નિર્ણય કરેલ હતો અને સદર શાળા બંધ કરવાને કારણે શાળામાં ફરજ બજાવતાં આચાર્ય, શિક્ષકો તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓને ફાજલ જાહેર કરવામાં આવેલ તેમજ ફાજલ પાડેલ કર્મચારીઓને સંમતિપત્ર પણ મેળવેલ છે.

- માનવમંદિર વિદ્યાલય, મહેસાણાની શાળા બંધ કરવા નિર્ણય કરતાં આ કચેરીના પત્ર ક્રમાંક: ક-૧/માન્યતા રદ/૨૦૧૪/૧૧૨૯, તા.૧૧/૦૮/૧૪ના પત્રથી સચિવશ્રી, ગુજરાત માધ્ય.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને સદર શાળાની માન્યતા રદ કરવા આ કચેરી દ્વારા દરખાસ્ત કરેલ હ્તી અને દરખાસ્ત સાથે શાળા સંચાલક મંડળનો તા.૨૨/૦૬/૧૪નો ઠરાવ અને સ્ટાફના સંમતિ પત્રો તેમજ સુનાવણી બ્રીફ રજુ કરેલ હતી.

આ કચેરી દ્વારા શાળાની માન્યતા રદ કરવા કરેલ દરખાસ્ત અનુસંધાને સચિવશ્રી, ગુજરાત માધ્ય.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૦૨/૦૧/૧૫ના રોજ સુનાવણી રાખવામાં આવી હતી. પરંતુ આ દિવસે શાળા સંચાલક મંડળ હાજર ન રહેતાં સુનાવણી પુન:તા.૨૭/૦૧/૧૫ના રોજ રાખવામાં આવી હતી.બોર્ડ દ્વારા રાખેલ સુનાવણી ના દિવસે સંચાલક મંડળના પ્રમુખશ્રી રામભાઇ.એ.પટેલ અને અમો જિ. શિ. સચિવ શ્રીના પ્રતિનિધિ તરીકે હાજર રહેલ હતા. આમ ઉકત હાજર રહેલ તમામએ તમામને રૂબરૂમાં સાંભળવામાં આવ્યા હતા. અને આ દિવસે શાળા સંચાલક મંડળના પ્રમુખશ્રી રામભાઇ.એ.પટેલ પાસે થી ભવિષ્યમાં નોનગ્રાન્ટેડ શાળા શરૂ ન કરવાની લેખિત બાંહેધરી સુનાવણીમાં રજુ કરેલ હતી.

આમ સુનાવણીના દિવસે હાજર રહેલ શાળા સંચાલક મંડળ, શાળાના પૂર્વ આચાર્ય તેમજ અમારી રૂબરૂમાં બોર્ડની કારોબારી સમિતિએ માનવ મંદિર વિદ્યાલય, મહેસાણાની શાળા બંધ કરવા માટે આ કચેરી દ્વારા તા.૧૧/૦૮/૧૪ નાપત્રથી કરેલ ભલામણ તેમજ મંડળની લેખિત બાંહેધરી વિગેરે ધ્યાને લઇ માનવ મંદિર વિદ્યાલય,મહેસાણા શાળાની નોંધણી રદ કરવા ઠરાવેલ. તેમજ તેમના તા.૦૧/૦૭/૧૪ના પત્રની

| | |
|---|---|
| | છેલ્લી લીટીમાં શાળા બંધ કરવા અંગેનો ઉલ્લેખ કરેલ છે. સચિવશ્રી, ગુજરાત માધ્ય. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ દ્વારા માનવ મંદિર, મહેસાણા શાળાની માન્યતા રદ કરતાં સદર શાળાનું રેકર્ડ નજીકની એસ.વી.શાહ વિદ્યા વિહાર,મહેસાણાને તબદીલ કરવામાં આવેલ છે,<br>આમ ઉક્ત તમામ પ્રક્રિયા તેમજ આ બાબતે રાખેલ સુનવણીમાં હાજર રહેલ સંચાલક મંડળ, શાળાની આચાર્ય તેમજ અસર પામતા કર્મચારીઓને રૂબરૂમાં સાંભળી શાળાની માન્યતા રદ કરવા આ કચેરી દ્વારા કરેલ ભલામણના આધારે ગુજરાત માધ્ય અને ઉ.મા શિક્ષણ બોર્ડની કારોબારી સમિતિએ માનવ મંદિર વિધાલય, મહેસાણાની શાળાની નોંધણી રદ કરવા જે નિર્ણય કરેલ છે તે બિલકુલ વ્યાજબી અને નિયમોનુસાર ગણવાનો થાય છે. તેવો અમારો સ્પષ્ટ અભિપ્રાય થાય છે.<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મહેસાણાના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય તેમજ મુદ્દાઓને ધ્યાને લઇ માનવ મંદિર વિધાલય મુ.મહેસાણાની શાળાની નોંધણી રદ કરવા નો જે નિર્ણય કરેલ છે. તે વ્યાજબી અને નિયમોનુસાર ગણવાના થાય તેવો અભિપ્રાય આપેલ છે.<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મહેસાણાનો સ્વયં સ્પષ્ટ અભિપ્રાય ને ધ્યાને લઇ બોર્ડની તા.૨૫/૦૮/૨૦૧૫ની કારોબારી સમિતિમાં મંડળ તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પ્રતિનિધિશ્રીઓ ને રૂબરૂ કારોબારી સમિતિમાં બોલાવેલ. માધ્યમિક શાળાની નોંધણી રદ કરવા બાબત રજૂ કરવામાં આવી હતી.<br>કારોબારી સમિતિમાં ફક્ત જિ.શિ.અ.શ્રી મહેસાણાના પ્રતિનિધિશ્રી એચ. એમ. વાઘેલા **(AEI)** હાજર રહેલ હતા. મંડળના કોઈ પ્રતિનિધિ હાજર રહેલ ન હતા. બોર્ડની તા.૨૫/૦૮/૨૦૧૫ ની કારોબારીકારોબારીએ સમિતિમાં આ બાબત પેન્ડીંગ રાખવામાં આવી હતી.<br>બોર્ડની તા.૩,૪/૧૦/૨૦૧૬ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક ૪૨૩/૨૦૧૬ અન્વયે આ શાળાની નોંધણી રદ કરવા શિક્ષણ વિભાગના હુકમ અન્વયે નિર્ણય કારોબારી સમિતિમાં શાળા મંડળના પ્રમુખશ્રી રામભાઇ માધવદાસ પટેલને રૂબરૂ સાંભળીને સદર શાળા |

ગ્રાન્ટેડ હોવાથી આગામી કારોબારી સમિતિમાં વધુ વિચારણા કરી નિર્ણય કરવા માટે હાલ આ બાબત પેન્ડીંગ રાખવાનું ઠરાવવામાં આવ્યુ હતું.

- બોર્ડની તા.૦૨, ૦૩, ૦૪/૦૫/૨૦૧૭ ની કારોબારી સમિતિમાં સદર બાબત રજુ કરતા કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૬૦/૨૦૧૭ અન્વયે શાળાની રજુઆત માત્ર ધો-૧૦ ના વર્ગ ઘટાડાની રજુઆત હતી. પરંતુ સંચાલક મંડળની રજુઆત જોતા શાળા ગ્રાન્ટેડ છે. શાળામાં ધો-૯/૧૦ ની સંખ્યા થાય તો નિયામકશ્રી શાળાઓ વર્ગની મંજૂરી આપે તો શાળા ચાલુ થયેલ ગણાય હાલ નોંધણી રદ ન કરવાનું ઠરાવવામાં આવ્યું.

  ઉક્ત કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૬૦/૨૦૧૭ ના નિર્ણય અન્વયે અત્રેની કચેરીના તા.૨૧/૦૬/૨૦૧૭ ના પત્રથી ઉક્ત ગ્રાન્ટેડ શાળાની રજુઆત જોતા શાળામાં ધો-૯, ૧૦ ની સંખ્યા થાય તો નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર વર્ગની મંજૂરી આપે તો શાળા ચાલુ થયેલ ન ગણાય. જેથી હાલ માધ્યમિક શાળાની નોંધણી રદ કરવામાં આવતી નથી તેવું શાળા મંડળ તેમજ લાગતા વળગતા કચેરીઓને તા.૨૧/૬/૨૦૧૭ના પત્રથી જેની જાણ કરવામાં આવી હતી.

- કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરે ઉક્ત બાબતે આજ દિન સુધી નિર્ણય કરેલ નથી.

- શાળા મંડળે તેમના તા.૦૮/૧૦/૨૦૧૮ ના સંદર્ભ પત્રથી ઉક્ત ગ્રાન્ટેડ શાળાની નોંધણી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારી સમિતિએ ચાલુ રાખેલ હોય સદર શાળાને ધો-૧૦ ના વિદ્યાર્થીઓને માર્ચ-૨૦૧૯ માં લેવાનારી SSC પરીક્ષાના ફોર્મ ભરવાની વ્યવસ્થા કરવા જિ.શિ.અ.શ્રી મહેસાણાને સૂચના આપવા બાબતે રજુઆત કરેલ છે.

ઉક્ત રજુઆત અન્વયે જિ.શિ.અ.શ્રીએ મહેસાણાને અત્રેની કચેરીના તા.૨૬/૧૦/૨૦૧૮ ના પત્રથી શાળા મંડળની રજુઆત બાબતે સ્વયં સ્પષ્ટ અભિપ્રાય મોકલી આપવા જણાવેલ હતું.

| | |
|---|---|
| | - જિ.શિ.અ.શ્રી મહેસાણાએ તેમના તા.૦૧/૧૧/૨૦૧૮ ના સંદર્ભ પત્રથી નીચે મુજબનો અભિપ્રાય મોકલી આપેલ છે.<br>- શાળા મંડળની તા.૦૮/૧૦/૨૦૧૮ ની રજુઆત મુજબ માનવમંદિર વિદ્યાલય, મહેસાણાની શાળામાં ધો-૯/૧૦ ન વર્ગો હાલમાં ચાલુ છે.<br>- શાળામાં ધો-૯ માં ૩૧ તેમજ ધો-૧૦ માં ૧૯ વિદ્યાથીઓ રજીસ્ટર થયેલ છે અને અભ્યાસ કરે છે. જેની હાજરી પત્રકની નકલ રજુ કરેલ છે.<br>ઉક્ત રજુઆત ઉપર માન.અધ્યક્ષશ્રી તેમજ સચિવશ્રીના નોંધ પરના આદેશ અનુસાર ધો-૯/૧૦ ના વર્ગો ૨૦૧૪ માં બંધ થયેલ ગ્રાન્ટ-ઈન-એઈડ શાળા છે.<br>કા.સ. તા.૦૨, ૦૩, ૦૪/૦૫/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: ૬૦/૨૦૧૭ મુજબ નિર્ણય થયેલ છે. કે શાળાએ નિયામકશ્રી શાળાઓની પૂર્વ મંજૂરી વગર શાળા શરૂ કરેલ હોય કારોબારી સમિતિએ પુખ્ત વિચારણાને અંતે શાળામાં ધો-૯ અને ધો-૧૦ની સંખ્યા થાય તો નિયામક શાળાઓની કચેરી વર્ગની મંજૂરી આપે તો શાળા ચાલુ થયેલી ગણાય. ધો-૯ માટે તાકીદ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને જણાવીએ.ધો-૧૦ ના વિદ્યાર્થીઓના ફોર્મ અન્ય શાળામાંથી ભરાય તેવી વ્યવસ્થા જિ.શિ.અ.શ્રીએ કરવાની રહેશે. |
| **બાબત ક્રમાંક : ૪૫૦/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૫૦/૨૦૧૮** |
| જુન-૨૦૧૭ ની નવી માધ્યમિક શાળાઅ અને ઉચ્ચતર માધ્યમિક શાળા સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની દેસાઈ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નાલંદા વિદ્યાધામ, મુ.ઈસરોલી, તા.બારડોલી, જિ.સુરતની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની નોંધણી કરવા બાબત. | જુન-૨૦૧૭ ની નવી માધ્યમિક શાળાઅ અને ઉચ્ચતર માધ્યમિક શાળા સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની દેસાઈ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નાલંદા વિદ્યાધામ, મુ.ઈસરોલી, તા.બારડોલી, જિ.સુરતની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની નોંધણી કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી ભરતભાઈ એમ. દેસાઈ– મંત્રીશ્રી તથા જેતલ વી. દેસાઈ – સહમંત્રી હાજર રહ્યા હતા. તેઓને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>જુન-૨૦૧૭ની નવી માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળા સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની દેસાઇ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નાલંદા વિદ્યાધામ મુ. |

ઇસરોલી તા. બારડોલી જિ.સુરતની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની અત્રેની કચેરીના તા.૩૦/૬/૨૦૧૭ના પત્રથી કામચલાઉ મંજુરી આપવામાં આવેલ હતી..

જિ.શિ.અ.શ્રી સુરત તા.૨૯/૮/૨૦૧૭ના પત્રથી નોંધણી કરાવી લેવાના આધારો રજુ કરેલ પરંતુ માન. સચિવશ્રીની નોંધ પરના આદેશાનુસાર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સુરત પાસે નીચેની સ્પષ્ટતા મંગાવેલ .

– સરદાર પટેલ વિદ્યાસંકુલ, તાજપોર, બારડોલી, સુરતની શાળાની નોંધણી રદ થયેલ છે?
– ઉક્ત શાળા ગ્રાન્ટ-ઇન એઇડ હોય તો તેવી કોઇ વસુલાત બાકી છે?

ઉપરની વિગતોનો અહેવાલ અત્રેની કચેરીના તા.૧૭/૭/૨૦૧૮ના પત્રથી જિ.શિ.અ.શ્રી સુરતનો અહેવાલ મોકલી આપવા જણાવેલ.દેસાઇ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નાલંદા વિદ્યાલય જુન-૨૦૧૭ની ધોરણ-૧૧ ઉચ્ચતર માધ્યમિક શાળા સામાન્ય પ્રવાહ મુ.ઇસરોલી તા.બારડોલી જિ. સુરતનો અહેવાલ મોકલી આપવા જણાવેલ.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત તા..૨૩/૮/૨૦૧૮ના પત્રથી દેસાઇ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નાલંદા વિદ્યાલય જુન-૨૦૧૭થી ધોરણ-૧૧ ઉચ્ચતર માધ્યમિક શાળા સામાન્ય પ્રવાહ મુ. ઇસરોલી તા. બારડોલી જિ.સુરતની શાળાઓ સ્પષ્ટ અહેવાલ મોકલી આપવા જણાવેલ જે નીચે જણાવેલ સ્પષ્ટતા સાદર કરવામાં આવે છે.

- સરદાર પટેલ વિદ્યાલય તાજપોર. તા.બારડોલી જિ. સુરતના ટ્રસ્ટ સંચાલિત એન.જી. પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ માધ્યમિક વિભાગ તથા શ્રીમતિ આર.એન. પટેલ ઉચ્ચતર માધ્યમિક વિભાગ ( વિજ્ઞાન પ્રવાહ ) તાજપોર, તા. બારડોલી જિ.સુરતની શાળાની નોંધણી રદ કરવા માટે અત્રેની કચેરી દ્વારા દરખાસ્ત મોકલેલ છે. શાળાની નોંધણી રદ કરવાનો નિર્ણય મળેલ નથી.

સરદાર પટેલ વિદ્યાસંકુલ તાજપોર તા. બારડોલી જિ-સુરતના ટ્રસ્ટ સંચાલિત એન.જી. પટેલ હાઇસ્કુલ માધ્યમિક વિભાગ તથા શ્રીમતિ આર.એન પટેલ ઉચ્ચતર

| | |
|---|---|
| | માધ્યમિક વિભાગ (વિજ્ઞાન પ્રવાહ) તાજપોર, તા.બારડોલી, જિ.સુરતની શાળા અનુદાનિત શાળા હતી..આ શાળા બંધ થતાં ૨૦૦૯/૧૦ના ગ્રાન્ટ એસેસમેંટ મુજબ બાકી નીકળતી રકમ રૂ.૨૩,૯૦,૯૩૧/- વેવ કરવા શાળા મંડળ દ્વારા શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય ગાંધીનગરને અપીલ દરખાસ્ત કરેલ છે. આ અંગેનો વિભાગનો નિર્ણય મળેલ નથી. પરંતુ શાળાના સંચાલક મંડળના મંત્રીશ્રીએ શિક્ષણ વિભાગનો નિર્ણય માન્ય રાખવા અંગેની રજુ કરેલ એફીડેવિટ સામેલ છે આ ઉપરાંત જો સરદાર પટેલ વિદ્યા સંકુલ બાકી નીકળતી રકમ ભરપાઇ ન કરે તો ઉક્ત શાળાની જગ્યા પર નવી ચાલુ થયેલ દેસાઇ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નાલંદા વિદ્યાલય, ઇસરોલી, તા.બારડોલી જિ.સુરત દ્વારા સોગંદનામું રજુ કરી જુની શાળાનું બાકી ચુકવણું ભરી આપવાની એફીડેવીટ કરી છે.<br>પુખ્ત વિચારણાને અંતે કારોબારી સમિતિએ રૂ.૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ) અત્યારે ભરી આધાર રજુ કરવા અને બાકીની રકમ બે વર્ષમાં દર ત્રણ માસે રૂ.૩,૦૦,૦૦૦/- (ત્રણ લાખ) ભરવાની શરતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ) ની કાયમી નોંધણી કરવાનું કારોબારી સમિતિમાં ઠરાવવામાં આવ્યું. રકમ ભરવાની બાંહેધરીનું એફીડેવીટ શાળા મંડળે કરવાનું રહેશે. |
| **બાબત ક્રમાંક : ૪૫૧/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક :૪૫૧/૨૦૧૮** |
| જુન-૨૦૧૫ ની નવી માધ્યમિક શાળા (હિન્દી માધ્યમ) પ્રભાવતી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ભગવતી વિદ્યાલય, બામરોલી, રોડ, પાંડેસરા, સુરતની નોંધણી રદ કરવા બાબત. | જુન-૨૦૧૫ ની નવી માધ્યમિક શાળા (હિન્દી માધ્યમ) પ્રભાવતી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ભગવતી વિદ્યાલય, બામરોલી, રોડ, પાંડેસરા, સુરતની નોંધણી રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી તિવારી દયારામ રઘુવીર – પમુખશ્રી, હાજર રહ્યા હતા. તેમને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>જુન-૨૦૧૫ની નવી માધ્યમિક શાળા પ્રભાવતી એજ્યુકેશન ટ્રસ્ટ, સંચાલિત ભગવતી વિદ્યાલય હિન્દી માધ્યમ બામરોલી રોડ, પાંડેસરા, તા.ચોર્યાસી, જિ.સુરતની નોંધણી રદ કરવા બાબતે સદર શાળાની નીચે મુજબની વિગતો છે. |

| | |
|---|---|
| | - સદર શાળાએ જુન- ૨૦૧૫થી નવી માધ્યમિક શાળાની હિન્દી માધ્યમની દરખાસ્ત કરતાં બોર્ડના તા.૧૬/૪/૨૦૧૫ના પત્રથી નામંજુર કરવામાં આવેલ હતી.<br>- શાળા મંડળે શિ.વિ.માં અપીલ અરજી કરતાં શિ.વિ. ના તા.૭/૧૦/૨૦૧૫ના પત્રથી અપીલ રીમાન્ડનો હુકમ કરેલ.<br>- શિક્ષણ વિભાગના અપીલ રીમાન્ડના હુકમ અન્વયે બોર્ડના ૨/૧૧/૨૦૧૫ના પત્રથી જિલ્લા શિક્ષણાધિકારી સુરતનો અહેવાલ મંગાવેલ.<br>- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરતના તા.૧૪/૧૨/૨૦૧૫નો અહેવાલ બોર્ડની તા.૧/૬/૨૦૧૬થી ૪/૬/૨૦૧૬ની કારોબારી સમિતિમાં રજુ કરતાં કા.સમિતિના ઠરાવ ક્રમાંક: ૩૫૫/૨૦૧૬ના ઠરાવથી મંજુર કરવાનું ઠરાવવામાં આવેલ બોર્ડના તા.૨૯/૬/૨૦૧૬ના પત્રથી કામચલાઉ મંજુરી આપવામાં આવેલ.<br>- જિ.શિ.અ.શ્રી સુરતના તા.૧૨/૯/૨૦૧૬ના પત્રથી નોંધણી કરાવી લેવાના આધારો નોંધણી થઇ આવવા ભલામણ સહ મોકલી આપવામાં આવેલ..<br>- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી સુરત નોંધણી કરાવી લેવાના આધારોને ધ્યાને લઇ બોર્ડના તા.૨૮/૧૨/૨૦૧૬ના પત્રથી કાયમી નોંધણી કરવામાં આવેલ હતી.<br>- શિક્ષણ વિભાગના તા.૭/૪/૨૦૧૭ના પત્રથી સદર શાળાની સંસ્થા દ્વારા જમીનના બોગસ દસ્તાવેજો રજુ કરી શાળાની મંજુરી આપવામાં આવેલ તે રજુઆત બોર્ડને મોકલી મોકલી આપેલ માન.સચિવશ્રીએ શિક્ષણ વિભાગના પત્રની રજુઆત મુજબ જિ.શિ.અ.શ્રી પાસે અહેવાલ મેળવી લેવા આદેશ આપેલ.<br>- જિ.શિ.અ.શ્રી સુરતે તા.૧/૯/૨૦૧૭ના પત્રથી સદર શાળાનો અહેવાલ મોકલી આપેલ હતો જે નીચે મુજબ છે.<br>- સદર શાળાની માન્યતા રદ બાબતે સદર શાળાની રૂબરૂ સ્થળ તપાસ કરતાં શાળા જે સ્થળે અને શાળાનું મકાન આવેલ છે તે બામરોલી, તા.ચોર્યાસી, જિ.સુરત સર્વે નં.૧૭૭ અને બ્લોક નં.૨૩૪, પ્લોટ નં.૩૫૭ ભગવતી હિન્દી વિદ્યાલય આવેલ છે. જે જમીન સરકાર હસ્તક જમીન છે ગામનો નમુનો ૭/૧૨ ની નકલ રજુ કરેલ છે.<br>- જિ.શિ.અ.શ્રીના અહેવાલની વિગતો ધ્યાને લઇ સદર શાળા મંડળને અત્રેની કચેરીના તા.૭/૧૦/૨૦૧૭ના |

| | |
|---|---|
| | પત્રથી કારણ દર્શક નોટીસ પાઠવવામાં આવેલ હતી. શાળા મંડળે તા.૩૦/૧૦/૨૦૧૭ ના પત્રથી કારણદર્શક નોટીસનો ખુલાસો કરેલ હતો.<br>- શિક્ષણ વિભાગે શ્રી સી.પી. સિંઘની વાંધા અરજી મોકલી આપેલ.<br>સદર શાળાની તા.૭/૩/૨૦૧૬ના રોજ વિરોધ અરજી કરેલ તેના અનુસંધાને સી.પી..સિંગે તા.૨૭/૯/૨૦૧૭ના રૂ/-૨૦ના સ્ટેમ્પ પેપરમાં આપેલ વાંધા અરજી પાછી ખેંચુ છુ.તે અંગેનું એફિડેવિટ રજુ કરેલ છે.<br>બોર્ડના તા.૩/૧૧/૨૦૧૮ના પત્રથી મકાનનું બાંધકામની રેગ્યુલાઇઝર થયેલ છે કે કેમ? શાળાની પાસે મેદાન છે? કે કેમ? તે બાબતે આધાર પુરાવાઓ સાથે તા.૧૩/૧૧/૨૦૧૮ના રોજ હાજર રહેવા જણાવેલ. પરંતુ શાળા મંડળ તા.૧૩/૧૧/૨૦૧૮ના રોજ હાજર ન રહેતા શાળા મંડળને બોર્ડની કચેરીમાં તા.૧૭/૧૧/૨૦૧૮ના પત્રથી ફરીથી હાજર રહેવાની બીજી તક આપવામાં આવેલ હતી.<br>સદર શાળા મંડળના ટ્રસ્ટીશ્રી માન. અધ્યક્ષ સમક્ષ તા.૧૭/૧૧/૨૦૧૮ના રોજ હાજર રહેલ હતા.<br>- શાળાના ટ્રસ્ટી પાસે જમીન પોતાની માલીકીની છે તે અંગેના આધારો અને ૭/૧૨ના ઉતારામાં પોતાનું નામ છે કે કે કેમ? તે રજુ કરવા જણાવેલ<br>- શાળા ટ્રસ્ટીએ કબજા રસીદ છે. તેમ જણાવેલ રમત-ગમતના મેદાન અંગે પણ પોતાની માલીકીના કોઇપણ આધારો રજુ કરેલ ન હતા.<br>શાળા મંડળના ટ્રસ્ટીને જમીન અને મેદાન પોતાની છે તે અંગેનું નિવેદન લખીને આપવા જણાવેલ શાળાના ટ્રસ્ટીએ તા.૧૭/૧૧/૨૦૧૮ના રોજ લેખિતમાં આપેલ છે તેમાં જણાવેલ છે કે ૭/૧૨માં ટ્રસ્ટના નામે પુરાવા હોય તો રજુ કરશો. સદર આધાર પુરાવાઓ રજુ કરવા બે દિવસની મુદત આપવા વિનંતિ કરેલ છે.<br>પુખ્ત ચર્ચા વિચારણાને અંતે સદર નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાની જૂન-૨૦૧૯ થી નોંધણી રદ કરવાનું કારોબારી સમિતિમાં ઠરાવવામાં આવ્યું. શાળાનો રેકર્ડ જિલ્લા શિક્ષણાધિકારી નિયત કરે તે શાળામાં નિભાવવાનો રહેશે અને તેની જાણ વિદ્યાર્થીઓને થાય તે માટે સંબંધિત શાળા દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત કરવાની રહેશે. તેમજ અન્ય શાળાઓને પણ ઉક્ત |

| | |
|---|---|
| | વિગતની જાણ કરવી. ધો-૧૦ ના વિદ્યાર્થીઓના ફોર્મ અન્ય શાળામાંથી ભરાય તેવી વ્યવસ્થા જિ.શિ.અ.શ્રીએ કરવાની રહેશે. |
| **બાબત ક્રમાંક : ૪૫૨/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૫૨/૨૦૧૮** |
| લાલ બહાદુર શાસ્ત્રી સાર્વજનિક હાઇસ્કૂલ, મુ.સુખાલા તા.કપરાડા જિ.વલસાડ ની શાળા દ્વારા સરકારી કામમાં વિક્ષેપ ઉભો કરવા તેમજ મહિલા અધિકારી સાથે ગેરવર્તણૂંક કરવા બાબત. | લાલ બહાદુર શાસ્ત્રી સાર્વજનિક હાઇસ્કૂલ, મુ.સુખાલા તા.કપરાડા જિ.વલસાડ ની શાળા દ્વારા સરકારી કામમાં વિક્ષેપ ઉભો કરવા તેમજ મહિલા અધિકારી સાથે ગેરવર્તણૂંક કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી ગેરહાજર રહય હતા અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બી. એમ. પટેલ-વલસાડ હાજર રહ્યા હતા. તેમને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>લાલ બહાદુર શાસ્ત્રી સાર્વજનિક હાઇસ્કૂલ, મુ.સુખાલા, તા.કપરાડા, જિ.વલસાડની શાળા દ્વારા સરકારી કામમાં વિક્ષેપ ઉભો કરવા તેમજ મહિલા અધિકારી સાથે ગેરવર્તુક કરવા બાબતની વિગતો બાબતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડ દ્વારા તેમના તા.૦૧/૦૨/૨૦૧૮ના સંદર્ભ પત્રથી નીચેની વિગતો જણાવેલ છે.<br>➢ અત્રેના જિલ્લામાં  માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સ્થાનિક પરીક્ષા ચાલુ છે સમગ્ર પરીક્ષાનું સુચારૂ આયોજન તથા કોઇપણ પ્રકારની ગેરરીતિ ન થાય તેવા હેતુથી અત્રેની કચેરીના શિક્ષણ નિરીક્ષકશ્રીઓ તથા મદદનીશ નિરીક્ષકો શાળાની આસ્કમિક મુલાકતો લઇ રહ્યા છે જે મુજબ તા.૩૦/૦૧/૨૦૧૮ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે જિલ્લામાં આવેલ લાલ બહાદુર શાસ્ત્રી સાર્વજનિક હાઇસ્કૂલ સુખાલા તા.કપરાડા શાળાની અત્રેની કચેરીના રાજેશ્રી એલ.ટેંડેલ શિક્ષણ નિરીક્ષક શ્રી દિનેશભાઇ પટેલ, ઇ.ચા.શિક્ષણ નિરીક્ષક શ્રી એચ.એલ.મહેતા મ.શિ.નિ.અને શ્રી વી.જી.પટેલ, મ.શિ.નિ. જેઓ આકસ્મિક મુલાકાત લેવા ગયેલ હતા. તેઓએ આપેલ અહેવાલ મુજબ આકસ્મિક મુલાકાત દરમ્યાન શાળાનો મુખ્ય દરવાજો બંધ હતો. અને અત્રેથી ગયેલ ટીમને શાળા કેમ્પસમાં પ્રવેશવા દેવામાં આવ્યા ન હતા. |

| | |
|---|---|
| | અને ત્યાં શાળા પરિસરમાં ઉપસ્થિત ધુરિયાભાઇ જેમણે પોતાનો પરિચય સુપરવાઇઝર તરીકે અમારી ટીમને આપેલ હતો અને તેમણે જણાવ્યુ કે સંસ્થાના પ્રમુખ વસંતભાઇ વી.પટેલનો આદેશ છે કે કોઇપણ અધિકારી/વ્યકિતને શાળામાં પરીક્ષા છે એટલે પ્રવેશ આપવો નહી ત્યારબાદ એમના દ્વાર ટેલીફોનિક પ્રમુખને ટીમને રૂબરૂ પુંછવામાં આવતા પણ પ્રમુખ દ્વારા અધિકારીઓને પ્રવેશ માટે ના ફરમાવેલ હતી. ત્યારબાદ બપોરે ૧૪.૩૦ કલાકે સંસ્થાના પ્રમુખ ત્યાં આવી ચડેલ અને તેઓ ઉચા અવાજે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડના સરકારી વાહનને અહીંથી હટાવો એવું ઉધ્ધતાઇથી વાહનના ડ્રાઇવર શ્રી ભાવેશા આહિરને જણાવેલ હતું તથા તેઓ પોતાના શર્ટના બટન ખુલ્લા રાખી ગાળો ભાળી ગમે તેમ વર્તન અમારી ટીમના મહિલા અધિકારીશ્રી સાથે કરેલ હતું અને ત્યાંથી જતા રહેવા માટે ધમકી આપેલ હતી અને કહેલ કે અહીંથી તમે ન જાઓ તો ચાર હજાર માણસો ભેગા કરી હાથ-પગ ભાંગી નાખીશું એવી ગર્ભિત ધમકી આપેલ. શાળાના આચાર્યશ્રી પોતે પરીક્ષા ચાલુ હોવા છતાં ગેરહાજર રહેલ જે પરીક્ષાની કામગીરીમાં ગંભીર બેદરકારી દાખવેલ છે એવું ફલિત થાય છે.<br>સમગ્ર ઘટના દરમ્યાન તા.૩૦/૦૧/૨૦૧૮ના રોજ બપોરે ૧૨.૩૦ કલાક થી ૧૪.૩૦ કલાક સુધી બે કલાક સુધી અમારી નિરીક્ષણની ટીમ શાળાના મુખ્ય દરવાજાની બાહર ઉભી હતી. એ દરમ્યાનના નિરીક્ષણ ટીમનો અહેવાલ અને ફોટોગ્રાફ આ સાથે સામેલ છે સદર શાળા સરકારશ્રી દ્વારા મંજૂરી અપાયેલ અને માન્યતા ધરાવતી તથા ગ્રાન્ટ ઇન એ ઇડ કોડ-૧૯૬૪ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ મુજબ ગુજરાત રાજય સરકારશ્રીના નિયમો/જોગવાઇઓ અનુસાર સદર શાળા ગ્રાન્ટ લેતી બિનસરકારી જાહેર સંસ્થા છે સરકારના પ્રવર્તમાન નિયમો અને જોગવાઇ મુજબ કોઇપણ અધિકૃત અધિકારીઓ શાળાની આકસ્મિક મુલાકાત લઇ શાળાનો રેકર્ડ તેમજ |

| | |
|---|---|
| | શૈક્ષણિક અને ભૌતિક સુવિદ્યાઓ તેમજ શાળાનું શૈક્ષણિક કાર્ય ચકાસી શકે છે. સંસ્થાના પ્રમુખ વસંતભાઇ પટેલે આ નિયમનું સ્પષ્ટ ઉલ્લંઘન કરેલ છે અને સરકારી કામોમાં વિક્ષેપ ઉભો કરેલ છે આ બાબતે શાળાને અત્રેની કચેરીના પત્ર નં.મા-૧/૨૦૧૭/૧૮૭૯ તા.૦૧/૦૨/૨૦૧૮ થી કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ છે.<br>➢ અત્રેની કચેરીના વર્ગ-૨ના મહિલા શિક્ષણ નિરીક્ષક રાજેશ્રી એલ.ટંડેલ સાથે સંસ્થાના પ્રમુખ વસંતભાઇ પટેલ દ્વારા ઉધ્ધતાઇથી અને ઉંચા અવાજે મહિલાને ન છાજે તેવા શબ્દો કે જે ઉલ્લેખી ન શકાય એવા શબ્દોમાં ગેરવર્તણુંક કરેલ છે મહિલા અધિકારી ફરજના ભાગરૂપે સરકારી કામગીરી કરવા ગયેલ હોવા છતા એમની સાથે ઉધ્ધતાઇપૂર્વક ગેરવર્તન કરેલ છે આમ કરીને શાળામાં ચાલતી ગેરરીતિઓ અને કરતૂતોને છુપાવવાનો પ્રયત્ન કરેલ છે અમોને મળેલ પ્રાપ્ત માહિતી મુજબ સદર વ્યકિત ચારિત્રહીન છે ભૂતકાળમાં પણ એમના વિરૂધ્ધ રજૂઆતો અને ફરિયાદો થયેલ છે હાલમાં પણ સદર શાળાના નવા શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક પામેલ નિયતિબેન વ્યાસને પોતાના વશમાં લેવા માટે માનસિક ત્રાસ આપવો તેના રહેઠાણના સરનામા વારંવાર પુછવા પોતાની કેબિનમાં પોતે એકલા હોય ત્યારે વારંવાર બોલાવવા વગેરે જેવી કરતૂતોની મૌખિક ફરિયાદો અમો સમક્ષ આવેલ છે અને આ કારણે મહિલા શિક્ષણ સહાયક શાળામાં જતા ગભરાય છે અને છેલ્લા એક માસથી શાળામાં જતા બંધ થઇ ગયેલ છે.<br>➢ આમ ઉપરોકત વિગતોને ધ્યાને લઇ સંસ્થાના પ્રમુખ વસંતભાઇ પટેલની વિરૂધ્ધમાં સરકારી કર્મચારીને ફરજ બજાવતા અટકાવવા, સરકરી મહિલા અધિકારી સામે ગેરવર્તણુંક અને ગર્ભિત ધમકી આપવા બાબતે યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરવા મે.પોલીસ અધિક્ષકશ્રી, વલસાડને તા.૦૧/૦૨/૨૦૧૮ના રોજ લેખિતમાં ફરિયાદ કરેલ છે. |

આમ ઉપરોકત હકીકતને ધ્યાને લઇ શાળા/સંસ્થા વિરૂધ્ધ આગળની ઘટિત કાર્યવાહી કરવા વિનંતિ છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડના તા.૦૧/૦૨/૨૦૧૮ના સંદર્ભ પત્ર અન્વયે અત્રેની કચેરીના તા.૧૨/૦૨/૨૦૧૮ના સંદર્ભ પત્રથી કારણ દર્શક નોટીસ પાઠવી શાળા મંડળનો ખુલાસો દિન-૧૦માં રજૂ કરવા જણાવેલ હતું.

શાળા મંડળે કારણ દર્શક નોટીસનો ખુલાસો તેમના તા.૨૩/૦૨/૨૦૧૮ના પત્રથી નીચે મુજબ રજૂ કરેલ છે.

- સવિનય ઉપરોકત વિષયના અનુસંધાનમાં મંડળ સંચાલિત શ્રી લાલ બહાદુર શાસ્ત્રી સાર્વજનિક હાઇસ્કૂલ સુખાલા તા.કપરાડા જિ.વલસાડમાં તા.૩૦/૦૧/૨૦૧૮ના રોજ નિરીક્ષકશ્રી રાજેશ્રી એમ.ટંડેલ તથા અન્ય નિરીક્ષકોની મુલાકત દરમ્યાન નીચે મુજબ ક્ષતિઓનો ખુલાસો કરવામાં આવે છે.

(૧) શાળાની તા.૩૦/૦૧/૨૦૧૮ના રોજ આકસ્મિક મુલાકાત બાબતે અધિકારીશ્રીઓને કેમ્પસમાં પ્રવેશ ન આપેલ બાબતે શાળામાં હાલે પ્રિલિમનરી પરીક્ષા ચાલતી હોવાથી શાળાના ગેટ નિયમ મુજબ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓના પ્રવેશ બાદ બંધ કરવામાં આવે છે અને ખોલવામાં આવે છે અધિકારીઓની મુલાકાત દરમ્યાન શાળાનો ગેટ ખુલ્લો કરી આપવામાં આવેલ અને ગાડી શાળાના કેમ્પસમાં આવેલ. અધિકારીશ્રીઓને જણાવેલ કે શાળના આચાર્ય આકસ્મિક બીમાર હોવાથી રજા પર છે અને સુપરવાઇઝર દ્વારા જણાવવામાં આવેલ કે પ્રમુખશ્રી બપોર પછી આવવાના જણાવેલ, જેથી તેઓશ્રી દ્વારા અમો પ્રમુખશ્રીને મળવાના હોવાથી રોકાવાનું જણાવેલ જેથી શાળામાં જવાબદાર આચાર્યશ્રી ન હોવા છતાં પ્રોટોકોલ મુજબ પ્રવેશ આપવામાં આવેલ અને જરૂરી સૂચનો મુજબ માહિતીઓ રજૂ કરવામાં આવેલ જેથી પ્રવેશ ન આપવનો કોઇ પ્રશ્ન રહેતો નથી.

(૨) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીના નિરીક્ષકશ્રીઓને શાળાની મુલાકાત દરમ્યાન શાળામાં પ્રિલિમનરી

| | |
|---|---|
| | પરીક્ષા ચાલતી હોવાથી માર્યાદિત કર્મચારી હોવાથી પરીક્ષા કામે રોકયેલ હતા. શાળાના માનસિક વિકૃતતા ધરાવતો મ.શિ.નિ.શ્રી એમ.એન.પઢીયાર એજો તા.૧૪/૦૯/૨૦૧૭ થી રજા રિપોર્ટ વગર કે કોઇ પણ જાતની જાણ કર્યા વગર આજદિન સુધી સતત ગેરહાજર છે નિરીક્ષકશ્રીઓ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ના પત્ર લઇ અને સંઘના પ્રમુખ સહિત સાત થી આઠ હોદ્દેદારો સાથે આવેલ અને જેઓને સવારે શાળામાં ૧૧.૦૦ વાગ્યાની આસપાસ શાળાના કમ્પ્યુટર રૂમમાં ધુરિયાભાઇ દ્વારા બેસાડવામાં આવેલ . અને શાળાના આચાર્ય આકસ્મિક બિમાર હોવાનું જાણ કરતો સંદેશા મુજબ વાકેફ કરેલ અને જેઓ દ્વારા પ્રમુખશ્રી બાબતે પૂછપરછ કરતા જેઓ ૨.૦૦ વાગ્યે આવવાનું જણાવેલ બાબતે જેઓશ્રીને પ્રમુખશ્રી બાબતે વાકેફ કરતા અમો પ્રમુખશ્રીને મળીને જ જવાનું જણાવેલ મુજબ તેઓ રોકાયેલ જેથી બહાર ઉભા રાખવાનો પ્રશ્ન રહેતો નથી. સેવક ભાઇઓ પરીક્ષા કામમાં રોકાયેલ હોવાથી જેઓશ્રીને બેસાડી યોગ્ય જવાબ આપવામાં આવેલ.<br>(૩) પ્રમુખશ્રીના સંદેશા મુજબ બહારગામ હોવાથી ધુરિયાભાઇ દ્વારા ટેલિફોનીક સંદેશા મુજબ જણાવેલ બાબતે પ્રમુખશ્રી શાળામાં ૨.૦૦ વાગ્યે આવેલ અને નિરીક્ષકશ્રી રાજેશ્રી એમ.ટંડેલ તથા અન્ય નિરીક્ષકશ્રીઓ સાથે સંઘ્ના હોદ્દેદારો આવેલ. જેઓને કમ્પ્યુટર રૂમમાં બેઠક કરી રજૂઆતો સાંભળવામાં આવેલ અને જવાબદાર અધિકારીશ્રીઓ તરીકે શાળામાં વિઝીટ કે અન્ય ચકાસણી બાબતે સહકાર આપવાનું જણાવેલ તથા શાળાના આચાર્ય આકસ્મિક બિમાર હોવાથી વધુ માહિતી કે દફતરો આચાર્યશ્રીની ચેમ્બરમાં હોવાથી રજૂ કરી શકેલ નથી. વહીવટી કે શૈક્ષણિક કામે જે પણ માહિતી રજૂ કરવા જણાવવામાં આવશે તો આચાર્યશ્રી દ્વારા રજૂ કરવામાં આવશે.<br>(૪) શાળાની મુલાકાત દરમ્યાન શાળાના આચાર્ય આકસ્મિક બિમાર હોવાથી ઓફિસમાં દફતરો કે અન્ય રજીસ્ટરો આચાર્યની ઓફિસ અંદર હોવાથી આચાર્યશ્રીની ગેરહાજરી હોવાથી રજૂ કરી શકેલ નથી જેથી ના પાડવાનો પ્રશ્ન રહેતો નથી અને શાળામાં પરીક્ષા ચાલતી હોવાથી મર્યાદિત કર્મચારીઓ હોવાથી |

| | |
|---|---|
| | સુપરવિઝનના કારણે કર્મચારીઓની મુલાકાતનો પ્રશ્ન રહેતો નથી.<br>સરકારશ્રીના નિયમ મુજબ શાળાનો તમામ રેકોર્ડ શાળાની કચેરીમાં રાખવામાં આવે છે.<br>ઉપરોકત ક્રમાંક ૧ થી ૪ મુજબ શાળાનો ખુલાસોઅ કરવામાં આવે છે તથા શાળાના આચાર્યશ્રી દ્વારા સરકારશ્રી અને કચેરીના નિયમ મુજબ શૈક્ષણિક કાર્ય અને વહીવટી કાર્ય કરવામાં આવે છે અને તમામ વિદ્યાર્થીઓ કે વાલીઓ સાથે પ્રોટોકોલ મુજબ નિયમોનો અમલ કરવામાં આવે છે જેથી વહીવટ કામે મનસ્વી કે સરમુખત્યાશાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. શાળાનાં મ.શિ.શ્રી મનોજ એન. પઢીયાર માનસિક વિકૃતતા ધરાવતો હોવાથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં અધિકારીશ્રીઓને ખોટી ખોટી રજૂઆતો કરી એક જવાબદાર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની તરફેણ કરી વારંવાર શાળાની મુલાકાત લઈ શાળાની મહિલા આચાર્યશ્રીને પરેશાન કરવામાં આવેલ છે. તથા માનસિક ત્રાસ આપેલ છે મહિલા આચાર્યશ્રીને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના ચેમ્બરમાં આખો દિવસ ગેરકાયદેસર ગોંધી રાખવામાં આવેલ છે જે બાબતની ફરિયાદ પણ થયેલ છે આ કેસની ગંભીરતા જોતાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા ચોક્કસ આયોજન પૂર્વક અને ઈરાદા મુજબ મહિલા આચાર્યશ્રીને પરેશાન કરેલ છે અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા એમના પર્સનલ ટેલીફોન કે પર્શનલ વર્કશોપની જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા માંગણી કરવામાં આવેલ તથા કેટલીક ચોકવનારી બાબતો કચેરી દ્વારા જયારે પણ ગાંધીનગર બોલાવવામાં આવશે ત્યારે રૂબરૂ કે સાચી હકિકતો બહાર આવશે વધુ તપાસ કરવામાં આવે તો અન્ય મહિલા શિક્ષકશ્રીમતિઓનો પ્રશ્ન બહાર આવે એમ છે એક જવાબદાર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બી.એમ.પટેલ દ્વારા શરમ જનક માંગણીઓ શિક્ષણ જગતમાં કલંકૃત અને એમના વહીવટ સામે પ્રશ્ન ઉભો થાય છે.<br>શાળાના આચાર્ય દ્વારા ટેલીફોન બંધ કરતાં તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ જવાનુ બંધ |

| | |
|---|---|
| | કરતાં એમનો માનસિક ચેહરો સામે આવી વારંવાર શાળામાં નિરીક્ષકશ્રીઓને કે અન્ય અધિકારીઓને વારંવાર મોકલાવી મહિલા આચાર્યને પરેશાન કરેલ છે મહિનામાં ચાર થી પાંચ વાર વિઝીટ મોકલાવી ચોક્કસ ઇરાદપૂર્વક આયોજન સાથે કરેલ કૃત્ય જે બાબતે નિરીક્ષકશ્રી નિરીક્ષકશ્રી રાજેશ્રીબેન ટંડેલને વિઝીટ દરમ્યાન જણાવેલ હકીકતો જેઓએ જણાવેલ કે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સાથેની તમારી અંગત બાબતો છે જે એક જવાબદાર નિરીક્ષક તરીકે આવા જવાબ સામે પ્રશ્નાર્થ ઉભો થાય છે.<br>કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા મહિલાના સુરક્ષા સામે જયારે ઉચ્ચ સ્તરે પગલાં લેવાતા હોય ત્યારે એક મહિલા આચાર્યની સુરક્ષા સામે પ્રશ્નાર્થ ઉભો થાય છે માનસિક વિકૃતતા ધરવતો મદદનીશ શિક્ષક શ્રી એમ.એન.પઢીયાર શાળાના આચાર્યને શૈક્ષણિક અને વહીવટી કામે અવરોધ ઉભો કરી હાલે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સાથે મળી આચાર્ય શ્રીમતિને પરેશાન કરેલ જેઓ દ્વારા કલેકટરશ્રીને, પોલીસ સ્ટેશન અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષશ્રીને લેખિતમાં ફરીયાદ કરેલ છે જે બાબતે આજદિન સુધી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સામે કોઇ પગલાં લેવામાં આવેલ નથી જે એક ગંભીર બાબત છે.<br>શાળામાં સરકારશ્રી અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના તમામ નીતિનિયમો મુજબ શૈક્ષણિક કાર્ય અને વહીવટ ચાલે છે શાળામાં ઉચ્ચ શિક્ષણ અને રમત-ગમત ક્ષેત્રે રાજય કક્ષા સુધી સિદ્ધિ મેળવેલ છે તથા શાળાના આચાર્યશ્રી દ્વારા ૨૦૧૬ અને ૨૦૧૭માં બોર્ડની પરીક્ષામાં મોટાપોંઢા સેન્ટર ખાતે વિશિષ્ટ સ્થળ સંચાલક તરીકે ફરજ બજાવેલ છે. અમારી રજૂઆતો ધ્યાનમાં લઇ વધુ તક આપવા સાહેબને વિનંતી.<br>તા.૨૬,૨૭/૦૪/૨૦૧૮ના રોજ કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૨૭૪/૨૦૧૮ સંસ્થાના પ્રતિનિધિ હાજર ન હોઇ હાલ બાબત પેન્ડીંગ રાખેલ હતી.<br>બોર્ડની તા.૦૭/૦૫/૨૦૧૮ની કારોબારી સમિતિમાં રજૂ કરતા સમિતિમાં ઠરાવ ક્રમાંક:- |

| | |
|---|---|
| | ૨૮૭/૨૦૧૮ અન્વયે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને તેઓએ બનાવેલ સભ્યોની ટીમ (ઇ.આઇ./એ.ઇ.આઇ) ટીમ બનાવી શાળાનુ વહીવટ તથા શૈક્ષણિક ઇન્સપેકશન કરવાનું ઠરાવ્યુ. અને શાળાની તપાસ અહેવાલ કારોબારી સમિતિ સમક્ષ મુકી નિર્ણય કરવાનું ઠરાવવામાં આવ્યું. તેમજ શાળા મંડળને છેલ્લા ત્રણ વર્ષના પરિણામ પત્રકો રજૂ કરવા જણાવ્યુ.<br>કારોબારી સમિતિના ઠરાવ અન્વયે શાળા મંડળની તા.૧૧/૦૬/૨૦૧૮ના પત્રથી છેલ્લા ૩ વર્ષના પરિણામ પત્રકો રજૂ કરવા પત્ર પાઠવેલ જે શાળા મંડળે તા.૨૩/૦૭/૨૦૧૮ના પત્રથી રજૂ કરેલ છે.<br>કારોબારી સમિતિના ઠરાવ અન્વયે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સાબરકાંઠાને તા.૨૫/૦૬/૨૦૧૮ના પત્રથી સ્થળ તપાસ કરવા અને તેનો તપાસ અહેવાલ તા.૩૦/૦૬/૨૦૧૮ સુધીમાં મોકલી આપવા જણાવેલ છે.<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રી હિમતનગર (સાબરકાંઠા) દ્વારા ઉકત બાબતે શાળાની રૂબરૂ સ્થળ તપાસ કરી તપાસ અહેવાલ તેમના તા.૨૪/૦૮/૨૦૧૮ના પત્ર ક્રમાંક: ૨૯૯૮૪ થી આધારો સાથે રજૂ કરેલ છે જેનું તારણ નીચે મુજબ છે.<br>અમો તથા અમારી ટીમે તા.૨૩/૦૭/૨૦૧૮ થી તા.૨૪/૦૭/૨૦૧૮ દરમ્યાન શાળા તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી અને સમગ્ર ઘટનામાં સામેલ વ્યકિતઓની પુછપરછ તથા નિવેદનો રેકર્ડ આધારીત મેળવતાં સંસ્થાના આચાર્યશ્રી તા.૩૦/૦૧/૨૦૧૮ની ઘટના દરમ્યાન શાળામાં ગેરહાજર હતા તે હકીકત સાચી છે પરંતુ અમારી શાળા મુલાકાત દરમ્યાન તેઓ તથા સંસ્થાના સંચાલક મંડળના પ્રમુખશ્રી વસંતભાઇ પટેલ હાજર હતા.<br>સમગ્ર નિવેદનો અવલોકને લેતાં સંસ્થાના આચાર્ય તથા બન્ને સેવકોના નિવેદનો શાળા તથા સંચાલક મંડળ તરફી જણાય છે. જયારે શાળાના અન્ય શૈક્ષણિક સ્ટાફ, સંઘના હોદ્દેદારો અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરીના શિક્ષણ નિરીક્ષક તથા વર્ગ-૨ના સરકારી માધ્યમિક શાળાના આચાર્યશ્રીના નિવેદનો ઉપરથી ફલિત થાય છે કે ખરેખર શાળા |

| | |
|---|---|
| | તપાસ સમયે આવેલ કે મુલાકાતે આવેલ અધિકારી કર્મચારી કે સંઘના હોદ્દેદારોને શાળામાં પ્રવેશ માટે અટકાવેલ છે અને આ સમયે આચાર્યશ્રીની હેતુ પૂર્વકની ગેરહાજરી તેમજ સંચાલક મંડળના પ્રમુખશ્રીનો ગેટ બંધ કરી દેવાનો આદેશ, તેમની સૂચના વગર ગેટ નહી ખોલવાની સૂચના તેમજ આવેલ અધિકારી અને કર્મચારીઓ સાથેનો ગેરવ્યાજબી વ્યવહાર સ્પષ્ટ જણાઇ આવે છે. અમારી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી વલસાડની તા.૨૪/૦૭/૨૦૧૮ની મુલાકાત સમયે અમારી સમક્ષ રજૂ થયેલ તા.૩૦/૦૧/૨૦૧૮ની વિડીયો રેકોડીંગ જોતાં સ્પષ્ટ થાય છે કે શાળા સંચાલક મંડળે ખરેખર આવેલ ટીમને શાળામાં પ્રવેશ આપતાં અટકાવેલ છે અને સરકારી કામમાં ખરેખર હેતુપૂર્વક અવરોધ ઉભો કરેલ છે.<br>આ ઉપરાંત શાળાના સંચાલક મંડળના પ્રમુખ દ્વારા ઉપરોકત અમારી સક્ષમ રજૂ થયેલ નિવેદનો મુજબ સરકારી ગાડીના ડ્રાઇવર સાથે કરેલ વ્યવહાર પણ પ્રથમ દ્રષ્ટીએ ગેરવ્યાજબી જણાય છે. આમ સમગ્ર ઘટનામાં પ્રથમ દ્રષ્ટીએ ગેરવ્યાજબી જણાય છે આમ સમગ્ર ઘટનામાં પ્રથમ દ્રષ્ટીએ શાળના શિક્ષકને શાળામાં ફરજ પર હાજર ન કરવા હાજર કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડના આદેશનું પાલન ન કરવું અને ટીમ સાથે ગેરવર્તણૂક કરેલ છે તેમ સ્પષ્ટ થાય છે અને સદરહું સંસ્થા ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થા હોઇ સંસ્થાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા અપાતી સૂચનાઓ અને આદેશોનું પાલન કરવાનું રહે, પરંતુ સંસ્થા દ્વારા પાલન થતું ન હોય તેવું અવલોકનને જણાય છે.<br>આમ સમગ્ર બાબતોને ધ્યાને લેતા સંસ્થા દ્વારા અને સંચાલક મંડળ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના આદેશનું પાલન નહીં કરવા અને સરકારી કામે આવેલ અધિકારી અને કર્મચારીઓને શાળાઓને શાળામાં પ્રવેશ નહીં આપી સરકારી કામમાં વિક્ષેપ ઉભો કરેલ છે.<br>તેમજ સંસ્થાના આચાર્યશ્રી હસુમતીબેન વી. પટેલે નિવેદન પછી આપેલ વિશેષ રજૂઆતમાં જિલ્લા |

| | |
|---|---|
| | શિક્ષણાધિકારીશ્રી વલસાડએ હિયરિંગ સમયે બપોરેના ૧૨.૦૦ થી ૧૭:૦૦ કલાક સુધી ગોંધી રાખ્યા બાબતે કરેલ રજૂઆતના સમર્થનમાં કોઇ આધાર રજૂ કરેલ નથી. જયારે તેમના પગાર બંધ કરવા તથા ગ્રાન્ટ અટકાવવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડના નિર્ણય બાબતે પુન: વિચારણા કરવાની રહે તેવો અમારો અભિપ્રાય છે.<br>આજની કારોબારી સમિતિમાં શાળા મંડળમાંથી કોઈ હાજર રહ્યા ન હોવાથી હાલ બાબત પેન્ડીંગ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૫૩/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૫૩/૨૦૧૮** |
| શ્રી સરસ્વતી કેળવણી મંડળ સંચાલિત બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળા શ્રી સરસ્વતી વિનય મંદિર મુ.માખીયાળા જિ.જુનાગઢની નોંધણી રદ કરવા બાબતનો નિર્ણય કરવા બાબત. | શ્રી સરસ્વતી કેળવણી મંડળ સંચાલિત બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળા શ્રી સરસ્વતી વિનય મંદિર મુ.માખીયાળા જિ.જુનાગઢની નોંધણી રદ કરવા બાબતનો નિર્ણય કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી ભીખાભાઈ છનાભાઈ ગજેરા – પમુખશ્રી તથા જિ.શિઅ.શ્રી બી. એસ. કૈલા હાજર રહ્યા. તેઓને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જુનાગઢના તા.__/૦૧/૨૦૧૮ના પત્ર ક્રમાંક: ક-૧/માધ્યમિક/નોંધણીરદ/૨૦૧૮/૨૭૪/૧૭૦ થી બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળા શ્રી સરસ્વતી વિનય મંદિર માખીયાળા જિ.જુનાગઢમાં ધો-૯નો અને ધો-૧૦નો એક માન્ય વર્ગો હતા. પરંતુ શાળામાં વિદ્યાર્થીની સંખ્યા પુરતી ન હોવાને કારણે શાળાના વર્ગો જૂન-૨૦૧૭ થી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવતા શાળામાં એકપણ માન્ય વર્ગો ન રહેતા સદરહું શાળાની નોંધણી રદ કરવા નિયત નમુનાની દરખાસ્ત ફોર્મ મોકલેલ છે.<br>➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જુનાગઢના તા.૨૪/૦૪/૨૦૧૮ના પત્ર ક્રમાંક:- ક-૧/માધ્યમિક /નોંધણી/રદ/૨૦૧૮/૨૬૯૨ થી ૯૩ થી શ્રી સરસ્વતી વિનય મંદિર માખીયાળાની નોંધણી રદ ન કરતા ધો-૯નો એક વર્ગ ચાલુ રાખવાની મંજૂરી આપવા જણાવેલ છે કે ધો-૮માં ૩૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેની જૂન-૨૦૧૮ થી વિદ્યાર્થી |

| | |
|---|---|
| | સંખ્યા જોતા ધો-૯નો એક વર્ગ ચાલુ રાખવાની સાથે શાળા નોંધણી ચાલુ રાખવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જુનાગઢે ભલામણ કરેલ છે.<br>➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જુનાગઢના તા.૧૯/૦૫/૨૦૧૮ના પત્ર ક્રમાંક:-ક-૧/માધ્યમિક/ શાળા નોંધણી/૨૦૧૮/૩૦૦૫ થી ધો-૯નો વર્ગ ચાલુ રાખવા ભલામણ કરેલ છે.<br>➢ અત્રેની કચેરીના તા.૦૧/૦૮/૨૦૧૮ના પત્ર ક્રમાંક:- મઉમશબ/શાનિ/જૂન-૧૭/૬૨૪૪ થી સદર શાળાની હાલની સ્થિતીએ વિગતવાર અહેવાલ મોકલવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જુનાગઢને જણાવેલ હતું.<br>➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જુનાગઢના તા.૦૮/૦૮/૨૦૧૮ના પત્ર ક્રમાંક:- ક-૧ /માધ્યમિક/ શાળા નોંધણી/૨૦૧૮-૧૯/૫૯૯૦ થી જણાવેલ છે કે હાલ ધો-૯માં ૩૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે જેમાં મોટાભાગની કન્યાઓ છે શાળાનું મકાન શાળા મંડળનું પોતાનું પૂરી સુવિધાવાળુ છે વિદ્યાર્થીઓ અને વાલીઓની અને ગ્રામજનોના અભિપ્રાયને ધ્યાનમાં લઇ ધો-૯ નો એક વર્ગ ચાલુ રાખવાની મંજૂરી આપવા તથા શાળાની નોંધણી રદ ન કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જુનાગઢને ભલામણ કરેલ છે.<br>➢ અત્રેની કચેરીના તા.૧૦/૧૦/૨૦૧૮ના પત્ર ક્રમાંક:- મઉમશબ/શાનિ/જૂન-૧૭/૧૦૫૮૨-૮૩ થી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જુનાગઢને જણાવેલ છે. કે સદર ગ્રાન્ટેડ શાળાની નોંધણી રદ કરવાની બાબત કારોબારીમાં રજૂ થયેલ ન હોઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જુનાગઢની ભલામણના આધારે આ ગ્રાન્ટેડ શાળાની નોંધણી રદ કરેલ નથી જેની આગળની કાર્યવાહી આપની કાર્યવાહી આપની કક્ષાએથી કરવા જણાવેલ છે.<br>➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જુનાગઢે તા.૨૯/૧૦/૨૦૧૮ના પત્રથી શિક્ષણ વિભાગનમાં અપીલ કરેલ છે.<br>➢ શ્રી રાજેશ ચુડાસમા (M.P) એ શિક્ષણમંત્રીશ્રીને સદર શાળાનો ધો-૯નો વર્ગ ચાલુ રાખવા ભલામણ કરેલ છે. |

| | |
|---|---|
| | શિક્ષણ વિભાગના તા.૨૫/૧૦/૨૦૧૮ના પત્ર:- બમશ/૧૧૧૮/૧૭૨૯/ગ અપીલ મંજૂર કરવા બાબત જણાવેલ છે કે સરસ્વતી વિનય મંદિર-માખીયાળા જિ.જુનાગઢ બાબતે સ્પષ્ટ અભિપ્રાય અને વિભાગના તા.૨૮/૦૪/૧૯૯૪ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૯૪/ ઇએમ/૧૮૦-છ ની જોગવાઇ ધ્યાને લઇ સત્વરે કાર્યવાહી પૂર્ણ કરી અત્રે જાણ કરવા તથા અત્રેની કચેરીના તા.૧૦/૧૦/૨૦૧૮ ના પત્રથી વિભાગના ઉકત તા.૨૮/૦૪/૧૯૯૪ ના ઠરાવની સૂચનાનું ઉલ્લન કરેલ હોઇ દિન-૦૩માં સ્પષ્ટતા કરવા આજ્ઞાનુસાર જણાવેલ છે.<br>જિ.શિ.અ.શ્રી જુનાગઢે જણાવેલ છે કે શાળા ઓગસ્ટ-૨૦૧૭ માં નોંધણી રદ કરવા ભલામણ કરેલ. પરંતુ શાળાનું મકાન શાળા મંડળનું પોતાનું પુરી સુવિધાવાળુ છે. શાળા ચાલુ રાખવા વિદ્યાર્થીઓ, વાલીઓ અને ગ્રામજનોની અભિપ્રાયને ધ્યાનમાં રાખી સદર શાળાનો ધો-૯ નો એક વર્ગ ચાલુ રાખવા ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડને રજુઆત કરેલ હતી. હાલ ધો-૯ માં ૩૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં મોટા ભાગની કન્યાઓ છે. સ્ટાફ ફાજલ કરી બીજે ગોઠવણી કરેલ છે.<br>ગ્રાન્ટેડ માધ્યમિક શાળાની નોંધણી રદ કરેલ ન હોઈ શાળા મંડળની અને જિ.શિ.અ.શ્રી – જુનાગઢના અભિપ્રાયના આધારે સદર ગ્રાન્ટેડ માધ્યમિક શાળાની નોંધણી ચાલુ રાખવામાં આવે છે. પરંતુ શાળાના ધો-૯ અને ૧૦ ના વર્ગ બંધ થયેલ હોઈ સરકારશ્રીના તા.૨૮/૦૪/૧૯૯૪ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૯૪/ ઇએમ/૧૮૦-છ મુજબ શાળા શરૂ કરવાની કાર્યવાહી કરવાની રહેશે તેવું કારોબારી સમિતિમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૫૪/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૫૪/૨૦૧૮** |
| જય પેડકાઈ માતા ચેરીટેબલ ટ્રસ્ટ, મુ.બલીઠા, તા.વાપી, જિ.વલસાડ સૂચિત સંચાલિત અથર્વ પબ્લીક સ્કુલ જુન-૨૦૧૮ ગ્રાન્ટ વિના ધો-૯, અંગ્રેજી માધ્યમ તેમજ ધો-૧૧, સામાન્ય પ્રવાહ, અંગ્રેજી માધ્યમ અને વિજ્ઞાન પ્રવાહ, અંગ્રેજી માધ્યમની કુલ ત્રણ શાળાઓના મંજુરીપત્રો રદ કરવા બાબત. | જય પેડકાઈ માતા ચેરીટેબલ ટ્રસ્ટ, મુ.બલીઠા, તા.વાપી, જિ.વલસાડ સૂચિત સંચાલિત અથર્વ પબ્લીક સ્કુલ જુન-૨૦૧૮ ગ્રાન્ટ વિના ધો-૯, અંગ્રેજી માધ્યમ તેમજ ધો-૧૧, સામાન્ય પ્રવાહ, અંગ્રેજી માધ્યમ અને વિજ્ઞાન પ્રવાહ, અંગ્રેજી માધ્યમની કુલ ત્રણ શાળાઓના મંજુરીપત્રો રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી |

| | |
|---|---|
| | સંજીવ બોરસે – ટ્રસ્ટીશ્રી તથા શ્રી ગણેશ સોનવણે – કારકુન, હાજર રહ્યા હતા. તેઓને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>જય પેડકાઈ માતા ચેરીટેબલ ટ્રસ્ટ, મુ.બાલીઠા, તા.વાપી, જિ.વલસાડ સૂચિત સંચાલિત અથર્વ પબ્લીક સ્કુલ જુન-૨૦૧૮ ગ્રાન્ટ વિના ધો-૯, અંગ્રેજી માધ્યમ તેમજ ધો-૧૧, સામાન્ય પ્રવાહ, અંગ્રેજી માધ્યમ અને વિજ્ઞાન પ્રવાહ, અંગ્રેજી માધ્યમની કુલ ત્રણ શાળાઓના મંજુરીપત્રો રદ કરવાની વિગતો નીચે મુજબ છે.<br>- જુન-૨૦૧૮ થી ધો-૯ અંગ્રેજી માધ્યમ ઓનલાઈન એપ્લિકેશન નં.**G/18/27** ને બોર્ડની કારોબારી સમિતિને તા.૧૫ અને ૧૬/૦૫/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: ૩૦૮/૨૦૧૮ અન્વયે અત્રેની કચેરીના તા.૧૯/૦૫/૨૦૧૮ ના સંદર્ભ પત્રથી કામચલાઉ મંજુરી આપવામાં આવી હતી.<br>- જુન -૨૦૧૮ થી ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ અંગ્રેજી માધ્યમ ઓનલાઈન એપ્લિકેશન નં.**H/18/29** ને બોર્ડની કારોબારી સમિતિ તા.૦૫, ૦૬/૦૬/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:૩૨૬/૨૦૧૮ અન્વયે તા.૦૨/૦૭/૨૦૧૮ ના પત્રથી કામચલાઉ મંજૂરી આપવામાં આવી હતી.<br>- જુન-૨૦૧૮ ધો-૧૧ સામાન્ય પ્રવાહ અંગ્રેજી માધ્યમની ઓનલાઈન એપ્લિકેશન નં.**H/18/69** ને બોર્ડની કારોબારી સમિતિ તા.૦૫, ૦૬/૦૬/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:૩૨૬/૨૦૧૮ અન્વયે તા.૦૨/૦૭/૨૦૧૮ ના પત્રથી કામચલાઉ મંજૂરી આપવામાં આવી હતી.<br>- ઉક્ત ધો-૯ ની અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળા તેમજ ધો-૧૧ ની (વિ.પ્ર.) અંગ્રેજી માધ્યમ તેમજ ધો-૧૧ (સા.પ્ર.) અંગ્રેજી મધ્યમની કામચલાઉ મંજૂરી પત્રો રદ કરવા બાબતે શ્રી મહેન્દ્ર એન. પટેલની રજુઆત અન્વયે જિ.શિ.અ.શ્રી વલસાડને તા.૨૦/૦૭/૨૦૧૮ ના પત્રથી ઉક્ત ત્રણ શાળાઓના સ્થળ તપાસ અહેવાલ અભિપ્રાય સહ દિન-૧૦ માં મોકલી આપવા જણાવેલ.<br>- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડે તે ઉક્ત ત્રણ શાળાઓનો સ્થળ તપાસ અહેવાલ મળેલ ન હોવાથી તા.૧૫/૦૧૦/૨૦૧૮ ના પત્રથી સ્મૃતિપત્ર પાઠવવામાં આવેલ હતો. |

| | |
|---|---|
| | જિ.શિ.અ.શ્રી વલસાડે તેમાન તા.૧૬/૧૦/૨૦૧૮ ના પત્રથી શ્રી મહેન્દ્ર એન. પટેલની અરજી અન્વયે સ્થળ તપાસ અહેવાલ અભિપ્રાય સહ મોકલી આપેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.<br>૧) મુદ્દા નં.૧ માં ધો-૯ અને ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ અંગ્રેજી માધ્યમની બોર્ડ દ્વારા કામચલાઉ મંજૂરી આપવામાં આવેલ છે.<br>૨) શાળાના રમત-ગમતના મેદાનનો ૧૫ વર્ષનો ભાડા કરવામાં આવેલ છે.<br>૩) શાળા મકાનનું સક્ષમ અધિકારી દ્વારા બી.યુ.પી. અને **G+1** નું સ્ટેબીલીટી સર્ટીફીકેટ આપેલ છે. પરંતુ નકશામાં દર્શાવેલ મંજૂરી મુજબનું બાંધકામ પૂર્ણ થયેલ નથી.<br>ઉપરોક્ત અભિપ્રાય સંદર્ભે આપની કક્ષાએ આગળની કાર્યવાહી થવા જણાવેલ છે.<br>ઉપરોક્ત જિ.શિ.અ.શ્રી અહેવાલને ધ્યાને લઈ જિ.શિ.અ.શ્રી વલસાડ અત્રેની કચેરીના તા.૦૩/૧૧/૨૦૧૮ તેમજ તા.૧૪/૧૧/૨૦૧૮ ના પત્રથી અથર્વ સ્કુલના માલિકશ્રી સંજીવ બોરસે તથા શાળા મંડળને પ્લોટ ભાડે આપનારશ્રી ચેતન ભાનુશાળીને તા.૦૫/૧૧/૨૦૧૮ ના રોજ રૂબરૂ આધાર પુરાવા સાથે બોર્ડની કચેરીમાં ઉપસ્થિત રહેવા જણાવેલ.<br>- શાળા મંડળના તા.૧૫/૧૧/૨૦૧૮ ના પત્રથી ફરીથી મુદ્દત માગેલ.<br>ઉક્ત વિગતોને ધ્યાને લઈ પુખ્ત વિચારણાને અંતે શાળા ચાલુ રાખવાનું કારોબારી સમિતિમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૫૫/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૫૫/૨૦૧૮** |
| જિલ્લાશિક્ષણાધિકારીશ્રી સુરત તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય થવા બાબત. (કુલ ૪૬ શાળાઓ) | જિલ્લાશિક્ષણાધિકારીશ્રી સુરત તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય કરવામાં આવ્યો. (કુલ ૪૬ શાળાઓ)<br>- આ સાથે પત્રક-અ સામેલ છે. |

| બાબત ક્રમાંક : ૪૫૬/૨૦૧૮ | ઠરાવ ક્રમાંક : ૪૫૬/૨૦૧૮ |
|---|---|
| જિલ્લાશિક્ષણાધિકારીશ્રી સુરેન્દ્રનગર તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી સુરેન્દ્રનગર તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય થવા બાબત. (કુલ ૧૨ શાળાઓ) | જિલ્લાશિક્ષણાધિકારીશ્રી સુરેન્દ્રનગર તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી સુરેન્દ્રનગર તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય કરવામાં આવ્યો. (કુલ ૧૨ શાળાઓ)<br>- આ સાથે પત્રક-બ સામેલ છે. |
| **બાબત ક્રમાંક : ૪૫૭/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૫૭/૨૦૧૮** |
| જિલ્લાશિક્ષણાધિકારીશ્રી નર્મદા તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી નર્મદા તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય થવા બાબત. (કુલ ૧૯ શાળાઓ) | જિલ્લાશિક્ષણાધિકારીશ્રી નર્મદા તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી નર્મદા તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય કરવામાં આવ્યો. (કુલ ૧૯ શાળાઓ)<br>- આ સાથે પત્રક-ક સામેલ છે. |
| **બાબત ક્રમાંક : ૪૫૮/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૫૮/૨૦૧૮** |
| જિલ્લાશિક્ષણાધિકારીશ્રી વડોદરા તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી વડોદરા તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય થવા બાબત. (કુલ ૦૨ શાળાઓ) | જિલ્લાશિક્ષણાધિકારીશ્રી વડોદરા તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી વડોદરા તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય કરવામાં આવ્યો. (કુલ ૦૨ શાળાઓ)<br>- આ સાથે પત્રક-ડ સામેલ છે. |
| **બાબત ક્રમાંક : ૪૫૯/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૫૯/૨૦૧૮** |
| એશિયા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટ-ઈન-એઈડ તેમજ બિનઅનુદાનિત શાળા એશિયા ઈંગ્લીશ સ્કુલ, અમદાવાદ શાળા વિરૂદ્ધ ફરીયાદીશ્રી એન.. પી. શાહ અને જે. કે. ફળદુ દ્વારા વિવિધ ગેરરીતિઓ બાબતે મળેલ ફરીયાદ અન્વયે બોર્ડની ગત કારોબારી સમિતિ તા.૦૭/૦૯/૨૦૧૮ માં બાબત રજૂ કરતા ઠરાવ ક્રમાંક:૪૧૮/૨૦૧૮ અન્વયે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્ય પાસેથી વિગતવાર અહેવાલ મેળવીને અહેવાલ આવ્યા બાદ નિર્ણય કરવા બાબત. | એશિયા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટ-ઈન-એઈડ તેમજ બિનઅનુદાનિત શાળા એશિયા ઈંગ્લીશ સ્કુલ, અમદાવાદ શાળા વિરૂદ્ધ ફરીયાદીશ્રી એન.. પી. શાહ અને જે. કે. ફળદુ દ્વારા વિવિધ ગેરરીતિઓ બાબતે મળેલ ફરીયાદ અન્વયે બોર્ડની ગત કારોબારી સમિતિ તા.૦૭/૦૯/૨૦૧૮ માં બાબત રજૂ કરતા ઠરાવ ક્રમાંક:૪૧૮/૨૦૧૮ અન્વયે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્ય પાસેથી વિગતવાર અહેવાલ |

મેળવીને અહેવાલ આવ્યા બાદ નિર્ણય કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી હાજર રહ્યા ન હતા. જિ.શિ.અ.શ્રી અમદાવાદ ગ્રામ્યના પ્રતિનિધિશ્રી એન. કે. પરમાર હાજર રહ્યા હતા. તેમને રૂબરૂ સાંભળવામાં આવ્યા.

બોર્ડની કારોબારી સમિતિના તા.૭/૯/૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃ ૪૧૮/૨૦૧૮ અન્વયે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્ય પાસેથી અહેવાલ મેળવવા જણાવેલ.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંકઃજિ.શિ.અ/અગ્રાવિ/૨૦૧૮/૧૨૭૦૫, તા.૧૭/૯/૧૮ થી સદર અહેવાલ નીચેની વિગતે રજૂ કરવામાં આવેલ છે.

આ શાળા અંગ્રેજી માધ્યમની ગ્રાન્ટ-ઈન-એઈડ શાળા હોઇ સમાજના મધ્યમ વર્ગના લોકોના બાળકો ભણતા હોઇ સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા તા.૨૪/૪/૨૦૧૮, તા.૧૫/૫/૨૦૧૮ તથા તા.૨૯/૫/૨૦૧૮ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. તા.૩૧/૫/૨૦૧૮ના રોજ સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ કે એશિયા ઈંગ્લીશ સ્કુલ (ગ્રાન્ટ-ઈન-એઇડ), થલતેજ, અમદાવાદમાં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના વર્ગો/વર્ગ ચાલુ રાખવા/રાખવો. આ નિર્ણયના અસરકારક અમલ માટે ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના પ્રવેશ ફોર્મ વહેચણીની મુદ્દત વિતી ગઇ હોવા છતાં જિલ્લાશિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્ય દ્વારા મુદ્દત તા.૨/૬/૨૦૧૮ થી તા.૬/૬/૨૦૧૮ સુધી લંબાવાનો નિર્ણય કરી શાળાને પ્રવેશ ફોર્મ વહેચવા જણાવેલ. આ સમગ્ર પ્રક્રિયાની પારદર્શકતા જળવાય તે હેતુથી અત્રેની કચેરીના શ્રીમતિ રીટાબેન છાબરીયા શાળા સમય દરમિયાન એશિયા ઈંગ્લીશ સ્કુલ, થલતેજ અમદાવાદ ખાતે હાજર રહેવા તથા સમગ્ર પ્રક્રિયા શિસ્તબદ્ધ વાતાવરણમાં પુરી કરવા તા.૧/૫/૨૦૧૮ના રોજ પત્ર ક્રમાંકઃ અગ્રાવિ/એન.ઓ.સી/વ.ધ/૨૦૧૮/૨૦૧૮/૬૯૦૬-૦૮થી હુકમ કરેલ તથા સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી હુકમમાં જણાવ્યા પ્રમાણે સદર શાળાના બે

| | |
|---|---|
| | શિક્ષકો શ્રી જે.કે.ફળદુ તથા શ્રી એન.પી.શાહ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની પ્રવેશ પ્રક્રિયાનું અવલોકન કરી શકે તેવી વ્યવસ્થા પણ કરેલ.<br>એશિયા ઇગ્લીશ સ્કુલ(ગ્રાન્ટ-ઇન-એઇડ)માં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ ફાળવવાના હોવાથી વાલીઓને માહિતગાર કરવાની જવાબદારી શ્રી જે.કે.ફળદુ તથા શ્રી એન.પી.શાહને સોપવામાં આવી હતી રસ્તે અવરજવર કરતાં લોકોના સુધી માહિતી પહોચાડવાનો હેતુથી જિલ્લાશિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્યની સુચનાનુંસાર શ્રી જે.કે.ફળદુ તથા શ્રી એન.પી.શાહ એક ફ્લેક્ષો બેનર તૈયાર કરાવ્યું હતું પરંતુ શાળાએ અસહકારભર્યું વલણ દાખવી તે બેનર લગાવેલ નહી.શ્રીમતિ રીટાબેન.એમ.છાબરીયા તા.૨/૬/૨૦૧૮ થી તા.૬/૬/૨૦૧૮ સુધી પ્રવેશ કાર્યવાહી માટે હાજર રહેલ પરંતુ શાળા દ્વારા પ્રવેશ ફોર્મનું વિતરણ કરવાનો તેમજ પ્રવેશને લગતી કોઇપણ પ્રક્રિયા માટે સહકાર આપેલ નથી. પ્રવેશ મેળવવા માટે ઘણા વાલીઓ આવેલ અને જો ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હોય તો વિદ્યાર્થીઓ મળી શક્યા હોત આમ ધોરણ-૧૧ના કોઇ વિજ્ઞાન પ્રવાહ (ગ્રાન્ટ-ઈન-એઈડ) વિભાગમાં વિદ્યાર્થીઓ પ્રવેશ લેતા નથી તેવી શાળાની રજુઆત અયોગ્ય છે શાળા પ્રવેશ આપવા માગતી નથી તેવો પત્ર તા.૨/૬/૨૦૧૮નો સામેલ છે.<br>શાળા દ્વારા તા.૧૨/૬/૨૦૧૮ના પત્રથી અત્રેની કચેરીને જણાવેલ છે કે વર્ષ-૨૦૧૮-૧૯ માટે ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ(ગ્રાન્ટ-ઇન-એઇડ) વિભાગ બંધ કરવામાં આવેલ છે.<br>બિનઅનુદાનિત શાળા એશિયા ઈંગ્લીશ સ્કુલ, થલતેજ, અમદાવાદ ઉક્ત અહેવાલ અન્વયે જુન-૨૦૦૧ થી ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ અંગ્રેજી માધ્યમની કરેલ કાયમી નોંધણી પત્ર રદ કરવા તેમજ શાળા મંડળની તા.૨૪/૧૦/૨૦૧૬ની રજુઆત અન્વયે જુન-૨૦૧૬ થી ધોરણ-૧૨ સામાન્ય વિજ્ઞાન બિનઅનુંદાનિત વર્ગને ફાળવેલ ઇન્ડેક્ષ નંબર-૦૨.૧૭૧(**GB**) ફાળવેલ હતો જે રદ કરવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્યના ઉક્ત |

| | |
|---|---|
| | અહેવાલ અન્વયે સદર બાબત કારોબારી સમક્ષ રજુ કરેલ હતો.<br>આજની કારોબારી સમિતિમાં શાળા મંડળમાંથી કોઈ હાજર રહ્યા ન હોવાથી હાલ બાબત પેન્ડીંગ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૭૦/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૭૦/૨૦૧૮** |
| જિલ્લાશિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્ય તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્ય તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય થવા બાબત. (કુલ ૧૦ શાળાઓ) | જિલ્લાશિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્ય તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્ય તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય કરવામાં આવ્યો. (કુલ ૧૦ શાળાઓ)<br>- આ સાથે <u>પત્રક-ઈ</u> સામેલ છે. |
| **બાબત ક્રમાંક : ૪૭૧/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૭૧ /૨૦૧૮** |
| જિલ્લાશિક્ષણાધિકારીશ્રી કચ્છ તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી કચ્છ તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય થવા બાબત. (કુલ ૩૦ શાળાઓ) | જિલ્લાશિક્ષણાધિકારીશ્રી કચ્છ તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી કચ્છ તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય કરવામાં આવ્યો. (કુલ ૩૦ શાળાઓ)<br>- આ સાથે <u>પત્રક-એફ</u> સામેલ છે. |
| **બાબત ક્રમાંક : ૪૭૨/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૭૨/૨૦૧૮** |
| જિલ્લાશિક્ષણાધિકારીશ્રી મોરબી તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી મોરબી તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય થવા બાબત. (કુલ ૧૫શાળાઓ) | જિલ્લાશિક્ષણાધિકારીશ્રી મોરબી તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી મોરબી તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય કરવામાં આવ્યો. (કુલ ૧૫ શાળાઓ)<br>- આ સાથે <u>પત્રક-જી</u> સામેલ છે. |
| **બાબત ક્રમાંક : ૪૭૩/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૭૩/૨૦૧૮** |
| જિલ્લાશિક્ષણાધિકારીશ્રી જામનગર તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી જામનગર તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય થવા બાબત. (કુલ ૦૬ શાળાઓ) | જિલ્લાશિક્ષણાધિકારીશ્રી જામનગર તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી જામનગર તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય કરવામાં આવ્યો. (કુલ ૦૬ શાળાઓ)<br>આ સાથે <u>પત્રક-એચ</u> સામેલ છે. |

| બાબત ક્રમાંક : ૪૭૪/૨૦૧૮ | ઠરાવ ક્રમાંક : ૪૭૪/૨૦૧૮ |
|---|---|
| જિલ્લાશિક્ષણાધિકારીશ્રી દેવભુમિ દ્વારકા તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી દેવભુમિ દ્વારકા તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય થવા બાબત.(એક શાળા) | જિલ્લાશિક્ષણાધિકારીશ્રી દેવભુમિ દ્વારકા તરફથી SSC/HSC માર્ચ ૨૦૧૮માં ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ બંધ કરવા જિલ્લાશિક્ષણાધિકારીશ્રી દેવભુમિ દ્વારકા તરફથી આ સાથે સામેલ રાખેલ ચેક લીસ્ટ મુંજબ ભલામણ કરેલ છે જે શાળાઓ બંધ કરવા શાળા સંચાલક/મંડળને રૂબરૂ સાંભળીને યોગ્ય નિર્ણય કરવામાં આવ્યો. (એક શાળા)<br>આ સાથે પત્રક-આઈ સામેલ છે. |
| **બાબત ક્રમાંક : ૪૭૫/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૭૫/૨૦૧૮** |
| વિઠ્ઠલપ્રભુ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એમ.કે.સ્કુલ, પાટણ જૂન-૨૦૧૮ ના બદલે જૂન-૨૦૧૯ થી મકાન સ્થળ ફેરફાર કરવા બાબત. | વિઠ્ઠલપ્રભુ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એમ.કે.સ્કુલ, પાટણ જૂન-૨૦૧૮ ના બદલે જૂન-૨૦૧૯ થી મકાન સ્થળ ફેરફાર કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી એમ. કે. પટેલ – પ્રેસિડેન્ટ તથા સરોજબેન પટેલ – જિ.શિ.અ.શ્રી પાટણના પ્રતિનિધિશ્રી હાજર રહ્યા હતા. તેઓને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>વિઠ્ઠલપ્રભુ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એમ.કે.સ્કુલ, પાટણની મકાન સ્થળ ફેરફાર બાબતે તા.૧૬/૨/૨૦૧૮ કારોબારી સમિતિની તા.૧૬/૨/૨૦૧૮ ઠરાવ ક્રમાંક:૨૩૨/૨૦૧૮થી હાલ આ જગ્યાએ શાળા ચાલુ રાખવાનું ઠરાવ્યું જુન-૨૦૧૮થી મૂળ જગ્યાએ (માતરવાડી) સ્થળ ફેરફાર કરવાનો રહેશે. નિયત ફી હાલ ભરવાની રહેશે,તેમ કારોબારી સમિતિમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ હતું.<br>સદર શાળા મંડળના તા.૦૧/૦૮/૨૦૧૮ના પત્રથી જુન-૨૦૧૮થી એમ.કે.સ્કુલ મૂળ જગ્યાએ જવાનો ઠરાવ હકીકતમાં મારી કારોબારીમાં હાજરી હતી અને જુન-૨૦૧૯ થી ટ્રાન્સફર કરવાની હતી. જે કારોબારીમાં મારી હાજરીમાં થયેલ નિર્ણય બાદ બોર્ડ બાદ બોર્ડ દ્વારા પાછળથી મનસ્વી રીતે નિર્ણય બદલેલ અને પછી ૨૦૧૮ કરેલ છે.જે બાબત યોગ્ય નથી આ બાબતનો પત્ર પણ અમોએ પ્રાથમિક શિક્ષણ બોર્ડ ના અનુસંધાનીત પત્ર થી ખુલાસો કરેલ છે. જેથી જુન-૨૦૧૮ થી સ્થળ ફેરફારને વર્ષ-૨૦૧૮માં ટ્રાન્સફર કરવાના બોર્ડના નિર્ણય ને પાછળથી ઠરાવમાં ચેડા |

થયેલ છે, આમ ઠરાવમાં ફેરફાર કરવો એ બોર્ડના કારોબારી સભ્યો/સત્તાધીશો સામે CRPC મુજબ ગુનાને પાત્ર છે. જેની ગંભાર નોંધ લેશો.

બી. સરદાર પટેલ કોમ્પ્લેક્ષમાં એમ.કે. સ્કુલ ચાલે છે જેની માન્યતા વર્ષ-૨૦૦૨થી છે અને હાલમાં ચાલુ છે, જય અંબે સ્કુલ, નામની કોઇ સ્કુલ બી સરદાર પટેલ કોમ્પ્લેક્ષમાં ચાલતી નથી, જેની નોંધ લેશો, હોર્ડિંગ લગાવવાથી જે તે સ્કુલને માન્યતા કે કોઇ પણ પ્રકારની કાયદેસરતા પ્રાપ્ત થતી નથી, જેની ગંભીર નોંધ લેશો.

શાળા મંડળની રૂબરૂ રજૂઆત મુજબ સદર શાળાનો સ્થળ ફેરફાર શકય તેટલો વહેલો કરવા સર્વાનુમંતે ઠરાવવામાં આવ્યું.

**બાબત ક્રમાંક : ૪૬૬/૨૦૧૮**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની કચેરી ખાતે અલ્ટ્રા મોડર્ન એજન્સી દ્વારા આઉટસોર્સથી ફરજ બજાવતા કુલ – ૬૩ કર્મચારીઓના મહેનતાણા વધારવા બાબત.

**ઠરાવ ક્રમાંક : ૪૬૬/૨૦૧૮**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની કચેરી ખાતે અલ્ટ્રા મોડર્ન એજન્સી દ્વારા આઉટસોર્સથી ફરજ બજાવતા કુલ – ૬૩ કર્મચારીઓના મહેનતાણા વધારવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ ગાંધીનગરની કચેરી ખાતે અલ્ટ્રા મોડર્ન એજન્સી દ્વારા આઉટસોર્સથી ફરજ બજાવતા કુલ-૪૩, વડોદરા કચેરી કુલ-૫ અને જુદા જુદા જિલ્લામાં કુલ-૧૫ કર્મચારીઓના તેઓની સંતોષકારક કામગીરી અને કેટેગરી પ્રમાણે તેઓને ઓક્ટોબર-૨૦૧૮ થી GIL ના રેટનો આધાર લઈને નીચે મુજબના કોષ્ટક પ્રમાણે ચુકવણું માન.અધ્યક્ષશ્રીની તા.૨૯/૧૦/૨૦૧૮ ની નોંધ પરની મંજુરી મળેલ છે.

| ક્રમ | કેટેગરી | જુનો ચુકવવામાં આવતો પગાર | | | નવા પ્રમાણે ચુકવવાનો થતો પગાર | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | પગાર | રકમ | સંખ્યા | પગાર | રકમ |
| ૧. | ક્લાર્ક | ૧૦ | ૯૧૮૮ | ૯૧૮૮૦ | ૧૦ | ૧૨૫૦૦ | ૧૨૫૦૦૦ |
| ૨. | કોમ્પ્યુટર ઓપરેટર કમ(ઓફીસ આસિસ્ટન્ટ | ૪૮ | ૮૩૮૮ | ૪૦૨૬૨૪ | ૪૮ | ૧૦૭૦૦ | ૫૧૩૬૦૦ |
| ૩. | ડ્રાઈવર | ૫ | ૮૧૫૪ | ૪૦૭૭૦ | ૬૩ | ૮૩૮૮ | ૪૧૯૪૦ |
| | કુલ | ૬૩ | | ૫૩૫૨૭૯ | | | ૬૮૦૫૪૦ |

| | |
|---|---|
| | ઉપરોક્ત બાબતે કારોબારી સમિતિએ ઓક્ટોબર-૨૦૧૮ થી અમલી થાય તે રીતે મહેનતાણા વધારવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૬૭/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૬૭/૨૦૧૮** |
| ઈ-ટેન્ડર નં. ૨૦/૨૦૧૮ વિવિધ પ્રકારનાં ફોર્મ્સ, પુસ્તિકાઓ તથા મેગેઝીનના મુદ્રણ કામ અંગેનું ટેન્ડર આખરી કરવા બાબત. | ઈ-ટેન્ડર નં. ૨૦/૨૦૧૮ વિવિધ પ્રકારનાં ફોર્મ્સ, પુસ્તિકાઓ તથા મેગેઝીનના મુદ્રણ કામ અંગેનું ટેન્ડર આખરી કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરેલ.<br>ઇ - ટેન્ડર નંબર : ૨૦ / ૨૦૧૮ વિવિધ પ્રકારનાં ફોર્મ્સ, પુસ્તિકાઓ તથા મેગેઝીનના મુદ્રણ કામ અંગેના ટેન્ડરમાં નિયત સમયમર્યાદામાં નીચે દર્શાવેલ બીડરો દ્વારા બીડ ભરવામાં આવેલ હતા.<br>1. સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ<br>2. કેપિટલ ઓફસેટ, ગાંધીનગર<br>3. મીરર ઇમેજ, ગાંધીનગર<br>4. ગુજરાત ઓફસેટ પ્રા.લી, અમદાવાદ<br>5. પૂર્ણિમા પ્રિન્ટીંગ પ્રેસ, ગાંધીનગર<br><br>ટેન્ડર ઓપનીંગ કમ ઇવેલ્યુએશન કમીટીની બેઠક આજ તા.૭/૯/૨૦૧૮ના રોજ ૧૧.૦૦કલાકે મળેલ હતી. જેમાં નીચેના બીડર હાજર રહેલ હતા.<br>1. સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ<br>2. કેપિટલ ઓફસેટ, ગાંધીનગર<br>ઉક્ત તમામ બીડરો દ્વારા નિયત કરેલ **EMD** તથા ટેન્ડર ફીના ડી.ડી રજુ કરેલ હોઇ તેઓના ટેકનીકલ બીડ ખોલવામાં આવ્યા તથા ટેન્ડરની શરતો પ્રમાણે દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી.<br><br>1. સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ<br>બિડર દ્વારા ટેન્ડરમાં માંગેલ તમામ દસ્તાવેજો રજુ કરેલ હોઇ ટેક્નીકલ બીડમાં ક્વૉલીફાઇડ થાય છે.<br>2. કેપિટલ ઓફસેટ, ગાંધીનગર<br>બિડર દ્વારા ટેન્ડરમાં માંગેલ તમામ દસ્તાવેજો રજુ કરેલ હોઇ ટેક્નીકલ બીડમાં ક્વૉલીફાઇડ થાય છે.<br>3. મીરર ઇમેજ, ગાંધીનગર<br>બિડર દ્વારા ટેન્ડરમાં માંગેલ તમામ દસ્તાવેજો રજુ કરેલ હોઇ ટેક્નીકલ બીડમાં ક્વૉલીફાઇડ થાય છે. |

| | |
|---|---|
| | **4.** ગુજરાત ઓફસેટ પ્રા.લી, અમદાવાદ<br>બિડર દ્વારા ટેન્ડરમાં માંગેલ દસ્તાવેજમાં **List of machinery of printing & binding** માં **Electric Generator Machines** નો ઉલ્લેખ કરેલ ન હોઇ ટેક્નીકલ બીડમાં ડીસક્વૉલીફાઇડ થાય છે.<br><br>**5.** પૂર્ણિમા પ્રિન્ટીંગ પ્રેસ, ગાંધીનગર<br>બિડર દ્વારા ટેન્ડરમાં માંગેલ દસ્તાવેજો પૂર્ણ રીતે રજુ કરેલ નથી.<br>એનેક્ષર-એ પર કોઇપણ વ્યક્તિની સહી કરેલ નથી.<br>એનેક્ષર-બી (મશીનરી લીસ્ટ) સામેલ નથી.<br>છેલ્લાં બે વર્ષની ઓડીટર બેલેન્સ શીટના બદલે એક જ વર્ષની મુકેલ છે.<br>ટેન્ડર ક્લોઝ **12 (A)** મુજબનુ પ્રમાણપત્ર સામેલ નથી.<br>ઉપરોક્ત જણાવેલ માહિતી અધુરી હોઈ તેઓને ટેક્નીકલ બીડમાં ડીસક્વૉલીફાઇડ કરવામાં આવે છે.<br>આમ ઉપરોક્ત પૈકી ક્રમાંક : ૪ અને ૫ ગુજરાત ઓફસેટ પ્રા.લી, અમદાવાદ અને પૂર્ણિમા પ્રિન્ટીંગ પ્રેસ, ગાંધીનગર ટેક્નીકલ બીડમાં ડીસક્વૉલીફાઇડ થાય છે. સાહિત્ય મુદ્રણાલય અમદાવાદ દ્વારા કેપિટલ ઓફસેટ ગાંધીનગર પાસે ટેન્ડરની શરત નં-૯માં જણાવ્યા પ્રમાણે **8.26” X 11.7” / 210mm X 297mm (A4 size)** માં ચાર કલરમાં છાપકામ થઇ શકે તેવી વેબ મશીનરી નથી તેવો વાંધો લેવામાં આવેલ હતો. આ બાબતે કેપિટલ ઓફસેટ દ્વારા તેઓના મશીનમાં **A4**માં પ્રિન્ટીંગ થઇ શકે છે તેમ જણાવેલ છે અને સાહિત્ય મુદ્રણાલયનો વાંધો ગ્રાહ્ય રાખવા પાત્ર નથી. તેમ જણાવેલ કમિટિએ ટેક્નીકલ વ્યક્તિ દ્વારા આ બાબતની ચકાસણી કરી કોમર્શીયલ બીડ ખોલવાનુ નક્કી કરવામાં આવ્યુ. તેમજ તે સિવાય હાલમાં નીચે જણાવેલ બીડરો ટેક્નીકલ બીડમાં ક્વૉલીફાઇડ થાય છે.<br>**1.** સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ<br>**2.** કેપિટલ ઓફસેટ, ગાંધીનગર<br>**3.** મીરર ઇમેજ, ગાંધીનગર |

| | |
|---|---|
| | તુલનાત્મક પત્રક પાના નં.૨૧ થી ૮૭ પર સામેલ છે. તુલનાત્મક પત્રક જોતાં કેપિટલ ઓફસેટ, ગાંધીનગર L-1 આવેલ છે.<br>ઉપરોક્ત બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા ઠરાવ ક્રમાંક: ૨૯/૨૦૧૮ થી નાણાં સમિતિએ ટેન્ડર મંજૂર કરેલ. તે સર્વાનુમતે મંજુર કરવાનું કારોબારી સમિતિમાં ઠરાવવામાં આવ્યું.<br>ગુજરાત સરકાર ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ, તા.૦૧/૧૦/૨૦૧૮ થી સરકારી વિભાગો, બોર્ડ વગેરેમાં થતી ખરીદી ફરજીયાતપણે ગર્વમેન્ટ ઈ-માર્કેટ પ્લેસ (જી.ઈ.એમ.) પોર્ટલ મારફત કરવા અંગે ઠરાવ થયેલ છે. જે બાબત કારોબારી સમિતિમાં રજુ કરવામાં આવી. કારોબારી સમિતિએ સર્વાનુમતે ઉપરોક્ત ઠરાવ મુજબ કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું. |

## માન.અધ્યક્ષશ્રી સ્થાનેથી રજુ થયેલ બાબત.

| બાબત ક્રમાંક : ૪૬૮/૨૦૧૮ | ઠરાવ ક્રમાંક : ૪૬૮/૨૦૧૮ |
|---|---|
| જુન.૨૦૧૮ની નવી માધ્યમિક શાળા તપોવન સેવા ટ્રસ્ટ, મુ.મોટીમોરી, તા.મેઘરજ, જિ.અરવલ્લી સંચાલિત ઈડન ઇન્ટરનેશનલ સેકન્ડરી સ્કુલ, મુ.મેઘરજ, જિ.અરવલ્લીની નવી માધ્યમિક શાળાની મંજુરી બાબત. | જુન.૨૦૧૮ની નવી માધ્યમિક શાળા તપોવન સેવા ટ્રસ્ટ, મુ.મોટીમોરી, તા.મેઘરજ, જિ.અરવલ્લી સંચાલિત ઈડન ઇન્ટરનેશનલ સેકન્ડરી સ્કુલ, મુ.મેઘરજ, જિ.અરવલ્લીની નવી માધ્યમિક શાળાની મંજુરી બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી સોલંકી યોગીરાજસિંહ – ચેરમેન અને જિ.શિ.અ.શ્રી અરવલ્લી પ્રતિનિધિશ્રી એમ. એસ. ખાંટ હાજર રહ્યા હતા. તેઓને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>જુન.૨૦૧૮ની નવી માધ્યમિક શાળા તપોવન સેવા ટ્રસ્ટ, મુ.મોટીમોરી, તા.મેઘરજ, જિ.અરવલ્લી સંચાલિત ઇડન ઇન્ટરનેશનલ સેકન્ડરી સ્કુલ, મુ.મેઘરજ, જિ.અરવલ્લીને અંગ્રેજી માધ્યમ બોર્ડના તા.૧૯/૬/૨૦૧૮ના પત્રથી કામચલાઉ મંજુરી આપવામાં આવેલ હતી. બોર્ડના સભ્યશ્રી પ્રવિણભાઇ કાછડીયાની તા.૨૨/૧૧/૨૦૧૮ની ચાર સ્કુલની ફરીયાદ કરેલ તે માની સદર શાળાની મેદાન વગર અને કોમર્શીયલ કોમ્પલેક્ષમાં ચાલે છે. તેવી ફરીયાદ કરતા અત્રેની કચેરીના તા.૨૩/૧૦/૨૦૧૮ના પત્રથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અરવલ્લીને સદર શાળાની ચકાસણી કરી સ્થળ તપાસ અહેવાલ મોકલી આપવા જણાવેલ. |

| | |
|---|---|
| | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અરવલ્લીના તા.૫/૧૧/૨૦૧૮ ના પત્રથી નીચે પ્રમાણે અહેવાલ રજુ કરેલ છે. સદર શાળાની મ.શિ.નિ. દ્વારા તા.૨૬/૧૦/૨૦૧૮ના રોજ જેમાં મ.શિ.નિ.ના અહેવાલ જોતા તપોવન ટ્રસ્ટ સંચાલિત ઇડન ઇન્ટરનેશનલ સેકન્ડરી સ્કુલ, મેઘરજમાં શાળાનું મેદાન ઉપલબ્ધ છે તેમજ કોમર્શીયલ કોમ્પલેક્ષમાં શાળા ભાડા કરાર આધારિત ચાલે છે પરંતુ હવા ઉજાસવાળું અને પૂરતી સુવિધાઓ વાળું છે શાળામાં લાઇટ ,પાણી, સેનીટેશન, રમત ગમતનું મેદાન વગેરે તમામ પ્રકારની ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ છે.<br>ઉક્ત ચર્ચા વિચારણાને અંતે કારોબારી સમિતિએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અરવલ્લીને પુન: આધાર સહ સ્થળ તપાસ કરી અહેવાલ મોકલી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૭૯/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૭૯/૨૦૧૮** |
| **GIPL** મારફતે **FMS** કરાર વધુ ૧ માટે વધારવા બાબત. | **GIPL** મારફતે **FMS** કરાર વધુ ૧ માટે વધારવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરવામાં આવી.<br>તા.૨૧/૦૯/૨૦૧૮ થી કરાર પૂર્ણ થતા **GIPL** દ્વારા એક વર્ષ માટે કરાર રીન્યુ કરવાની દરખાસ્ત રજુ કરેલ છે. હાલ રૂ.૪૯,૩૩૫/- **(Per month)** + **Sevice tax** મળે છે. કારોબારી સમિતિએ સર્વાનુમતે **FMS** કરાર વધુ એક વર્ષ માટે તા.૨૧/૦૯/૨૦૧૮ રૂ.૪૯,૩૩૫/- **(Per month)** + **Sevice tax** ઉપરાંત ૧૦ % વધારા સાથે મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું. |

(ડી. એસ. પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

ક્રમાંક/મઉમશબ/શા.નિ./કા.સ/કા.નોધ/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર–૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.

**<u>નકલ સવિનય રવાના :–</u>**

- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક નં–૫, ૭ મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

**<u>નકલ રવાના :–</u>**

૧: બોર્ડના તમામ સભ્યશ્રીઓ.

૨: ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા.

૩: સંયુકત સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા.

૪: કચેરીના તમામ વર્ગ–૧ તથા વર્ગ–૨ના અધિકારીશ્રીઓ.

૫: કચેરીના તમામ શાખાઓના વડા તરફ આપની શાખાના લગતા ઠરાવો સંબંધમાં આગળની કાર્યવાહી કરી "શા.નિ." શાખાને જાણ કરવા સારુ.